# અધ્યાત્મ

વર્ષ : ૭ એપ્રિલ–૧૯૮૬ અંક : ૭



## * સદ્‌ભાવભરી ભેટ *

અધ્યાત્મના વાંચકો પોતાના વ્યાવહારિક જીવનના નાના-મોટા પ્રસંગોએ અધ્યાત્મને ભેટ મોકલવાનું ચૂકતા નથી. એ અમારા માટે આનંદ ને ગૌરવનો વિષય છે. છેલ્લે મળેલ ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ-

રૂા.
૨૫ એક સાધક તરફથી, અમદાવાદ.
૮૦ શ્રી સુરેશભાઇ સી. દવે, ટોરેન્ટો તરફથી.
૧૦૦ શ્રી એચ. આર. ગોહિલ, જામનગર.
૧૧ શ્રી જમનાદાસ બાટલીયાની તિથિ નિમિત્તે.
૩૨ શ્રી હરસુખરાય પંડ્યા, રાજકોટ.
૨૫ શ્રી ભૂપેન્દ્ર બી. સુરતિયા, ભરૂચ જુદા જુદા પાંચ સંકલ્પો.
૧૦૧ શ્રી પદ્માવતીબેન ભીખુભાઇ દેસાઇ.
૧૦૧ ચિ. રાજીવ ધીરેન્દ્ર જપીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે હા. શ્રી શાંતિભાઇ નરભેરામ જપી, મુંબઈ.
૫૧ પ્રવિણાબેન કે. વૈષ્ણવ, સુરત.
૨૧ શ્રી દીલિપભાઇ પલેજા, મોરબી.
૨૧ શ્રી મંજુલાબેન ભોજાણી, મોરબી.
૨૫ શ્રી સંદીપ ઇન્દ્રવદન શાહ, વડોદરા.
૧૫ શ્રી ચંદ્રકાન્ત બી. ટેલર, રાંદેર.
૧૦૧ શ્રીમતી વિમળાબેન સુરેશભાઈ શાહ, કૈનેડા તરફથી ભાઈ વિકાસના લગ્ન પ્રસંગે.
૧૫ શ્રી ભરતના સ્મરણાર્થે. શ્રી મગનભાઇ બુધિયાભાઇ મંકોડિયા, નવસારી.
૨૫ શ્રીમતી નિર્મળાબેન તરફથી રીટાબેનના લગ્ન પ્રસંગે.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૭ અંક : ૭ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| ધ્યાનનું પરિણામ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| પ્રાણપ્રતિષ્ઠા | સર્વેશ્વરી પદરેણુ | ૬ |
| ગુરુ માહાત્મ્ય અને સત્સંગ | સંત કબીર | ૯ |
| સંદેશા | — | ૧૧ |
| પવિત્ર ભૂમિ કપૂરાના દર્શને | કપિલાબેન શાહ | ૧૪ |
| મારા આધ્યાત્મિક અનુભવો | કિશોર બાબરીયા | ૧૮ |
| પરમાત્માથી અભિન્ન સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરો | પૂજ્યપાદ શ્રીનથુરામશર્માજી | ૨૪ |
| રામાયણમાં અયન કેટલાં ? | જનાર્દન દવે | ૨૫ |
| ધ્યાન | મમતા પી. ભાટિયા | ૨૯ |
| થાય | ડૉ. રણજિત પટેલ | ૩૨ |
| મન છે સહુથી મહાન | જગદીશચંદ્ર એસ. આચાર્ય | ૩૩ |
| હે પ્રભુ ! (પ્રાર્થના ગીત) | 'દિલસ્પર્શી' મુલતાની | ૩૪ |
| મરજી મુજબ | દેવેન્દ્ર વૈદ્ય | ૩૫ |
| દક્ષિણેશ્વરનાં દર્શને | ઈશ્વરભાઈ પરમાર્થી | ૩૬ |
| લક્ષ્મીનારાયણના મંદિરમાં | શ્રી ઈશ્વરભાઇ પરમાર્થી | ૪૩ |
| મોક્ષ | દારા જ. ભેસાનીયા | ૫૦ |
| પ્રકાશના પંથે | સં. પરમાર્થી | ૫૫ |
| એક દિવસનો શિબિર | — | ૬૧ |
| બીજા લીલાસંવરણદિનની ઉજવણી | નારાયણ હ. જાની | ૬૨ |




ઘણું અગત્યનું

# ધ્યાનનું પરિણામ

યોગેશ્વરજી

લાંબા વખત લગી ધ્યાન કરવાથી પણ કેમ કાંઇ નથી મળતું અથવા કોઇ અવનવો વિશેષ અનુભવ નથી થતો ?

એવા અભ્યાસીઓને આપણે પૂછીશું કે લાંબા વખત લગી ધ્યાન કરવાથી પણ કાંઇ જ નથી મળ્યું કે નથી મળતું એવું તમે કેવી રીતે જાણ્યું ? લાંબા સમય સુધી કરાયેલું ઊંડુ ને એકધારૂં ધ્યાન કદાપિ નિષ્ફળ કે નિરર્થક નથી જતું. ભૂગર્ભમાં જેમ ઉપર ઉપરથી જોતાં કશુંજ નથી દેખાતું તો પણ અનેક પ્રકારની ક્રિયા-પ્રતિક્રિયાઓ થયાજ કરે છે તેમ, ધ્યાનાદિ જે પણ અંતરંગ અભ્યાસ કરવામાં આવે છે તેના પરિણામે પેદા થનારી સુસંસ્કારની છાપ મન પર કાયમને માટે, અમીટ રીતે, અને પ્રબળ પણે પડી જાય છે. અભ્યાસના પરિણામરૂપે પ્રકટેલા સંસ્કારોનો એ પ્રવાહ મનની અંદર અદૃષ્ટ રીતે પણ પોતાનું કામ કરતો જ હોય છે. બધે જ વખતે અને સહેલાઇથી એનો આવિર્ભાવ બાહ્ય દુનિયામાં નથી પણ થતો, પરંતુ થાય છે ત્યારે એવો વિશાળ નક્કર તથા ચમત્કૃતિભર્યો થાય છે કે વાત નહિ. એનું અવલોકન કરનાર મુગ્ધ અને કેટલીકવાર દિઙ્મૂઢ બની જાય છે. એટલે લાંબા વખતના ધ્યાનાભ્યાસના ફળરૂપે કાંઇ ના મળ્યું હોય અથવા મળતું ના લાગતું હોય તોપણ, નિરાશ થવાની જરૂર નથી જ.

ધ્યાનના દીર્ઘકાલીન એકધારા અભ્યાસના પરિણામરૂપ સૌથી પહેલાં તો સ્વભાવનું શુદ્ધિકરણ કે ઉદાત્તીકરણ થવું જોઇએ. સાધકના વ્યાવહારિક જીવનમાં તેનું પ્રતિબિંબ કેવું પડે છે, તે જાણો છો ? એ અહંભાવમાંથી મુક્તિ મેળવીને

નમ્રાતિનમ્ર બની જાય છે. મમતા, આસક્તિ, રાગદ્વેષ, કામ અને ક્રોધ તથા ભય અને ભેદભાવનો શિકાર નથી બનતો તથા સ્વપ્ને પણ છળકપટ અથવા અપ્રમાણિકતાથી ભરેલું આચરણ નથી કરી શકતો. સાત્ત્વિકતા અને શુદ્ધ એની સ્વભાવગત ખાસિયત બની જાય છે.

ધ્યાનના અંતરંગ અભ્યાસ દ્વારા સિદ્ધ કરવાની બીજી વસ્તુ ચિત્તની સ્થિરતા અને શાંતિ છે. સંસારના વિવિધરંગી વાતાવરણમાં વિવિધ વ્યવસાયોની વચ્ચે વસવા છતાં. પણ ચિત્તની સ્થિરતા ચાલુ રહે, ચિત્ત શાંત રહે, અને એની વૃત્તિ હંમેશાં આત્માભિમુખ બની રહે, એવી કળામાં કુશળ થવાની જરૂર છે. સામાન્ય રીતે માનવીની અવસ્થા કેવી હોય છે? અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિની અસર એના પર હંમેશાં થયા કરે છે. અને એના પરિણામે એ સુખી અથવા દુઃખી પણ થાય છે. એના ચિત્તની સ્વસ્થતા અથવા શાંતિનો મુખ્ય આધાર પરિસ્થિતિ પર રહે છે. ધ્યાનની સાધના જેમ-જેમ પરિપકવ બનતી જશે તેમતેમ એવી અવસ્થાનો અંત આવશે. ચિત્તની ચંચળતા એ પછી મટી જશે, તથા આત્મ-જાગૃતિની જ્યોતિ કાયમને માટે જાગૃત થશે.

ધ્યાનના એકધારા ઊંડા અભ્યાસના પરિણામરૂપે કેટલાક ઊંચી કોટિના, અસાધારણ વિશેષ અનુભવો પણ થતા હોય છે. એવા અનુભવોને લીધે અખંડ તથા પ્રબળ આત્મ શ્રદ્ધા પ્રકટે છે, અનેરા અભિનવ ઉત્સાહનું નિર્માણ થાય છે. તેમજ શકિત ને શાંતિ મળે છે. એમની મૂલ્યવત્તા ઘણી મોટી છે. છતાંપણ એમની પ્રાપ્તિ કાંઇ ધાર્યા જેટલી સહેલાઇથી નથી થતી. ઉપર ઉપર તરતા રહેવાથી કશું નથી વળતું. અનુભવો-નો મૂલ્યવાન પદાર્થ નથી મળતો. નિરંતર નિયમિત રીતે, અંદરની દિલની દૈવી દુનિયામાં ડૂબકી મારવી પડે છે. ત્યારે



જ કાંઇક મળી શકે છે.

કેટલીક વાર એવું પણ બને છે કે ધ્યાનનો નિયમિત અભ્યાસ કરનાર પણ અમુક પ્રકારના વિશેષ અનુભવોથી વંચિત રહી જાય છે. ધ્યાનના બધાજ અભ્યાસીઓને એક-સરખા અંતરંગ અનુભવો થાય છે એવો નિયમ પણ નથી. આત્માનુભવ અને એના પરિણામે પેદા થનારી પરમશાંતિ સૌને મળે છે, પરંતુ બીજા વિશેષ અનુભવોનું એવું નથી સમજવાનું. તો પણ એવા અસાધારણ અનુભવોનો આનંદ મેળવવા માટે સહેજ પણ નાસીપાસ કે નિરાશ થયા વિના હિંમત, ધીરજ, આશા, અને ઉત્સાહને ટકાવી રાખી, સાધના-ના ક્ષેત્રમાં પોતાના ધ્યેયની દિશામાં નિરંતર આગળ વધવું જોઇએ. લાંબા વખત લગી યથાર્થરીતે સાધના કરવાથી બધીજ જાતની ફરિયાદ દૂર થઇ જશે.

ધ્યાન કરનારે ધ્યાનની સાથેસાથે બાહ્ય જીવનની વિશુદ્ધિ અથવા વ્યવહાર શુદ્ધિનું પણ ધ્યાન રાખવાની જરૂર છે. તેના સિવાય ધ્યાનની સાધના શકિતશાળી, સુખમય કે સફળ નહિ બની શકે. ધ્યાન વખતનો માનવ વ્યવહાર વખતના માનવથી તદ્દન જુદો ના હોવો જોઇએ.

આજે તો માણસ ધ્યાન ધરે છે, જપ કરે છે પ્રાર્થનામાં બેસે છે, સત્સંગમાં ભાગ લે છે, તીર્થોમાં ફરે છે કે દેવ મંદિરમાં જાય છે કે રહે છે, ત્યારે જુદોજ હોય છે. એમ થાય છે કે એના મનની બધીજ મલિનતા મટી ગઇ. પરંતુ જેવો એ વ્યાવહારિક ક્ષેત્રમાં પ્રવેશ કરે છે ત્યારે એના જીવનનો આખો દેખાવ, આકાર કે અભિનય જ ફરી જાય છે. સાધનામય અને વ્યાવહારિક જીવનની વચ્ચેની ઊંડી ખાઇ દૂર થશે એટલે સાધકને માટે હતાશ કે ભગ્નહૃદય થવાનો કોઇ પ્રશ્ન નથી રહેતો.

# પ્રાણપ્રતિષ્ઠા ✓

—સર્વેશ્વરી પદરેણુ

શ્રી ઇશ્વરભાઈ પરમાર્થીના ઘરમાં કપુરા ખાતે પ. પૂ. શ્રી યોગેશ્વરજીની પરદેશથી આણેલી રંગીન મોટી પ્રતિકૃતિની પ્રાણ પ્રતિષ્ઠા પૂ. મા શ્રી સર્વેશ્વરીના હાથે થઈ. શ્રી ઇશ્વરભાઇની એ ભાવનાને પૂ. માએ પૂરી કરી. પરિણામે શ્રી ઇશ્વરભાઈનું ઘર–એક સંસારીનું ઘર મટી પ્રભુનું મંદિર બન્યું. આ પ્રસંગે પૂ. માએ કહ્યું "રખે, આ તસ્વીરને કેવળ તસ્વીર માનતા. આ જીવંત પ્રતિકૃતિ છે. જે એને ભાવભક્તિથી, શ્રદ્ધાપૂર્વક ભજશે, વંદશે. કે પૂજશે, એનાં બધાં કાર્યો એ પૂર્ણ કરશે. આ વાત અમે અમારી અનુભૂતિના આધાર પર કરી રહ્યાં છીએ, કોઇ શાસ્ત્રના વાંચન કે શ્રવણના આધારે નહિ. એટલે જ અમે ગાઇએ છીએ:-

"અમારાં બધાં કાર્યોમાં તમારી મદદ માંગું છું;" અને

"શ્રી યોગેશ્વર ભગવાન,<br>
એ છે અમારા જીવનના આધાર,<br>
કરૂં છું એના ચરણે કોટિ પ્રણામજી."

આ પ્રસંગે પૂ. શ્રીની પ્રતિકૃતિની શોભાયાત્રા શણગારેલી ગાડીમાં કાઢવામાં આવી હતી. તેને કપૂરા ગામના વિવિધ વિસ્તારોમાં બે કલાક કરતાં વધું સમય સુધી ફેરવવામાં આવી હતી. ભાવિક ગ્રામવાસીઓએ પોતાના ઘરો આગળ પૂ. શ્રીની પ્રતિકૃતિનું પૂજન, અર્ચન ને આરતી કરી હતી. શોભાયાત્રાના આગળના ભાગમાં કપૂરા ગામની ભજનમંડળી સાજ સાથે કીર્તન કરી રહી હતી. તો તેની પાછળ પૂ. શ્રીના ભક્તો નામસંકીર્તનની ધૂન બોલાવતા ભાવવિભોર બની, નાચી



રહ્યા હતા. એ શોભાયાત્રાએ અદ્ભુત વાતાવરણ સર્જ્યું હતું. શ્રી ચૈતન્ય મહાપ્રભુની સંકીર્તન મંડળીની નાનીશી આવૃત્તિ સમો સાધક ભાઇઓ અને બહેનોનો આ સમુદાય હરિરસની હેલીના આનંદમાં તરબોળ બની, પ્રભુના નામની મસ્તીમાં મશગુલ બની, બધી જ સામાજીક સંકોચની લાજ-શરમ બાજુ પર મૂકી નાચી રહ્યો હતો. અદ્ભુત હતું એ દૃશ્ય. પ્રભુના પવિત્ર ભાવોથી ભરપૂર વાતાવરણ જોનારને પણ અભિભૂત કર્યા વિના રહી શકતું નહિ. જોનારાઓની આંખો ધન્યતાનો ભાવ અનુભવી રહી હતી, તો હૃદયો ભાવવિભોર બનીને પ્રભુરસની એ મસ્તી માણી રહ્યાં હતાં. આજના યુગમાં જવલ્લેજ જોવા મળતું પૃથ્વી પરનું એ વિરલ દૃશ્ય હતું.

પૂ. મા આજે ઉઘાડે પગે પૂ. શ્રીની પ્રતિકૃતિ સાથે ખુલ્લા પગે ચાલી રહ્યાં હતાં; જાણે કે કપૂરા ગામની સમગ્ર ધરતીને પોતાના પુનિત પદસ્પર્શથી પાવન કરવા આ કષ્ટ એ ઉઠાવી રહ્યાં હતાં! કેવો અદ્ભુત હતો એમનો ભાવ અને કેવી અનુપમ હતી એમની શ્રદ્ધા-ભક્તિ! કપૂરા ગામનાં ગ્રામજનો પણ આજના યુગમાં સાવ નીરાલાં લાગતાં. વય અને કુળનું અભિમાન ભૂલીને સર્વે નાનાં-મોટાં સ્રી-પુરુષો પૂ. માના પુનિત ચરણોમાં ભાવભક્તિથી જે રીતે વંદતાં, એ મંગલ દૃશ્ય આંખોને ધન્ય કરનારૂં બની જતું. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા સર્વેશ્વરી પ્રત્યેની ઉંડી શ્રદ્ધાભક્તિનું એમાં દર્શન થતું. પ. પૂ. માના પરિવારે પણ આજે પૂ. શ્રીની પ્રતિકૃતિનું એવાજ ભાવભક્તિથી પૂજન, અર્ચન ને આરતી કર્યાં.

આ પ્રાણપ્રતિષ્ઠામાં ભાગ લેવા બહારગામથી દોઢસો ઉપરાંત ભાઇબહેનો ખાસ આવ્યાં હતાં. આ પ્રસંગ એમને

માટે નવીન હતો અને જીવનમાં ધન્યતાનો અનુભવ કરાવનારો હતો. શ્રી ઇશ્વરભાઈ પરમાર્થીએ અને કપૂરા ગામનાં ભાઈબહેનોએ જે રીતે સહુનો આદર સત્કાર ને આતિથ્ય કર્યું. તે તો સહુનાં જીવનની સુખદ સ્મૃતિરૂપ બની ગયું.

આ પસંગે શ્રી ઇશ્વરભાઈના પરદેશમાં વસતા કુટુંબી ગુલાબબેન તેમજ શ્રી લલ્લુભાઈ ભક્તે તેઓનાં પૂ. માતાજી કુલીબેનના હાથે પૂ. શ્રીની સ્મૃતિમાં વાપરવા ઘણી મોટી રકમનું દાન કર્યું. એ જાહેરાત ખૂબ નમ્રભાવે ને સહજરીતે જે રીતે એ પરિવારે કરી, તે સહુને માટે આશ્ચર્યરૂપ બની. પ્રભુ પોતાનાં કામ કરવા માટે કોને નિમિત્ત બનાવે, તેની કલ્પના સામાન્ય માણસોને શી રીતે આવી શકે?

તા. ૧૯ માર્ચનો આ દિવસ પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં પ. પૂ. માતાજી શ્રીભીખીબાની ભારતીય તિથિ પ્રમાણેની સંવત્સરીનો દિન હતો. તેથી સર્વે સાધક ભાઇ બહેનોએ પૂ. માના ઘરે જઇ, ભજન સંકીર્તન કરી, સાધક ભાઇઓએ એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. પૂ. માના પરિવારે સર્વે સાધક ભાઇ બહેનોનો વિશિષ્ટ પ્રસાદથી આદર સત્કાર કર્યો.

પ્રાણપ્રતિષ્ઠાનો એ મંગલ અવસર અમારા જીવનની પુણ્ય સ્મૃતિનો દિવસ બની ગયો.

### * વિલંબ માટે ક્ષમા *

એપ્રિલ, ૧૯૮૬નો અંક રાધેશ્યામ પ્રેસમાં લગ્નપ્રસંગ હોવાથી ચારેક દિવસ વિલંબથી પ્રકાશિત થયો છે, તો વાંચકો ક્ષમા કરે.

—તંત્રી



# ગુરુ–માહાત્મ્ય અને સત્સંગ

સંત કબીર

કબીર માંગે માગનાં, પ્રભુ! દીજે મોય દોય;
સંતસમાગમ, હરિકથા, મો ઘર નિશદીન હોય. ૧
પુરા શ્રી સદ્ગુરુ બિના, હિરદા શુદ્ધ ન હોય;
મનસા-વાચા-કર્મણા, સુન લીજો સબ કોય. ૨
સદ્ગુરુ સતકા શબ્દ હૈ, જાને સત્ દિયા બતાય;
જો સતકો પકડે રહે, તો સત્ હી માહિં સમાય. ૩
દેવી બડી ન દેવતા, સૂરજ બડા ન ચંદ;
આદિ અંત દોનોં બડે, કે ગુરુ કે ગોવિંદ. ૪
ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકે લાગૂં પાય?
બલિહારી ઇસ ગુરુકી, (જાને) ગોવિંદ દિયો બતાય. ૫
પુરા સદ્ગુરુ સેવતાં, અંતર પ્રગટે આપ;
મનસા-વાચા-કર્મણા, મિટે જનમ કે તાપ. ૬
ભલા ભયા જો ગુરુ મિલા, તિનસે પાયા જ્ઞાન;
ઘટકે ભીતર ચૌતરા, ઘટમેં હી દીવાન! ૭
ગુરુસેવા, જનબંદગી, હરિસુમરન, બૈરાગ;
યે ચારોં જબ આ મિલે, પૂરન સમઝો ભાગ. ૮
ગુરુ લાભા તબ જાનિયે, મિટે મોહ તન તાપ;
હરખ શોક દાઝે નહીં, તબ હર આપોઆપ. ૯
બલિહારી ગુરુ આપકી, પલપલમેં કઈ બાર;
પશૂ મેટ હરિજન કિયે, કછૂ ન લાગી બાર. ૧૦
ગુરુ પુજાવે સંતકો, સંત કહે ગુરુ પૂજ;
આમન સામન પૂજતાં, પડી અગમકી સૂજ. ૧૧
કબીર કહે સો દીન બડો, જા દિન સાધ મિલાય;

આંખો ભર ભર દેખિયે, પાપ સભી ચલ જાય. ૧૨
સાધ મિલે સાહબ મિલે, અંતર રહી ન રેખ;
મનસા-વાચા-કર્મણા, સાધૂ સાહબ એક. ૧૩
સંત સમાગમ પરમ સુખ, અન્ય અલ્પ સુખ ઓર;
માન સરોવર હંસ હૈ, બગલા ઠોરે ઠોર. ૧૪
મીઠી બિહરી સંતકી, જામેં ક્ષીર અપાર;
હરિરસ જહાં ખૂટે નહીં, પીવે વારંવાર. ૧૫
હરિજન આવત દેખકે, ઉઠકે મિલિયે ધાય;
ના જાનૂં ઈસ ભેશમેં, નારાયન મિલ જાય! ૧૬
હરિજન મિલે તો હરિ મિલે, મન પાએ વિશ્વાસ;
હરિજન હરિકા રૂપ હૈ, જ્યૂં ફૂલનમેં બાસ. ૧૭
સાધ નદી, જલ પ્રેમ રસ, તહાં પ્રછાલો અંગ;
કહે કબીર નિર્મલ ભયે, સાધુજનકે સંગ. ૧૮
રામ મિલનકે કારને, મો મન ખડા ઉદાસ;
સત્સંગતમેં શોધ લે, રામ ઉન્હોંકે પાસ. ૧૯
પરબત પરબત મૈં ફિરા, કારન અપને રામ;
રામ સરીખા જન મિલા, તાતે સરિયા કામ! ૨૦
સંત જહાં સુમરન સદા, આઠે પહર અભૂલ;
ભર ભર પીવે રામ રસ, પ્રેમ પિયાલા ફૂલ. ૨૧
ફૂટા મન બદલાય દે, સાધૂ બડે સુનાર;
ટૂટી હોવે રામસે, ફિર સંધાવન હાર. ૨૨
સંગત કીજે સંતકી, કભૂ ન નિષ્ફળ હોય;
લોહા પારસ પરસતે, સો ભી કંચન હોય. ૨૩
સો દિન ગયા અકાજમેં, હુઆ ન કુછ સત્સંગ;
પ્રેમ બિના પશુ જીવના, ભાવ બિના ભટકંત. ૨૪

*



પૂ. શ્રીના બીજા લીલા સંવરણ દિન નિમિત્તે આવેલા

# સંદેશા

ॐ तत् सत्

श्रद्धेया मातृचरणाः समुपस्थिता दैवी जीवा श्च

भारते परमात्मनः अवताराः समये समये सम्भवन्ति । कलौतु केवलं सद्गुरुस्वरुपेणैव परमात्मा प्रभवति । अनंत श्री विभूषिता श्री योगेश्वर चरणानामवतारः अनेक सहस्रावधि दैवी जीवनिकराणां समुद्धाराय प्रकटितः । अवतारकार्यं कृत्वा ते प्रभुचरणाः स्थूलशरीरेण यद्यपि तिरोहिताः तथापि तेषां दिव्या ह्याध्यात्मिकीशक्ति अद्यापि वरिवर्तते । तेषामनुग्रहोऽपि नैकैः जनैः समनुभूयते ।

परमाराध्या श्री श्री सर्वेश्वरीजननी देहदृष्टया योगेश्वर-भगवन्तात् भिन्ना अनुभूयते तत्तु केवलं लीलाविनोदः एवास्ति इति मन्यामहे । सा भगवती एव श्री योगेश्वरभगवतः अपर रूपं, सा तु अभिन्ना योगेश्वरी शक्तिरेव । तस्यानुग्रहश्च श्री योगेश्वरभगवतानु ग्रहैव । तस्मात् न ते भगवन्तः विनष्यः, ते तु सूक्ष्मस्वरूपेण तथा च श्री श्री सर्वेश्वरीजननी स्वरूपेण द्वि प्रकारेण अधिकतरं कार्यं कुरुते । प्रणामपूर्वकं स्तुतिपाठं कुर्वन् ।

जनार्दन शर्मा—भावनगरात्

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ચરણોમાં શ્રદ્ધાપૂર્વક ઉપ-સ્થિત થયેલા દૈવી જીવો,

ભરતખંડમાં પરમાત્માના અવતારો સમય સમય પર થતા રહે છે. પરંતુ કળીયુગમાં તો કેવળ સદ્ગુરુના સ્વરૂપ-

માંજ પરમાત્મા પ્રકટે છે. પ. પૂ. શ્રી યોગેશ્વરજીનાં અનંત શ્રી ને શક્તિથી વિભૂષિત ચરણકમળોનું પ્રાકટ્ય-દૈવી સંપત્તિ-વાળા અનેક જીવોના કલ્યાણ માટે છે. પોતાનું અવતારકાર્ય પૂર્ણ કરીને જો કે એ ચરણકમળો સ્થૂળસ્વરૂપે ભલે અદૃશ્ય થયાં હોય, છતાં તેઓની દિવ્ય આધ્યાત્મિકી શક્તિ આજે પણ વિદ્યમાન છે અને તેમનો અનુગ્રહ અનેક જીવો આજે પણ અનુભવે છે.

ભલેને દેહદૃષ્ટિથી પરમ આરાધ્યા મા શ્રી શ્રી સર્વેશ્વરી ભગવાન યોગેશ્વરજીથી ભિન્ન લાગે, પરંતુ અમારૂં એ મંતવ્ય છે કે એ તો ફક્ત લીલા વિનોદ ખાતર જ ભિન્નતા પ્રવર્તે છે; પરંતુ એ ભગવતી પ. પૂ શ્રી યોગેશ્વરજીનું બીજું સ્વરૂપ જ છે. તેઓ યોગેશ્વરી શક્તિથી તદ્દન અભિન્ન છે. તેઓશ્રીનો અનુગ્રહ કે કૃપા એ ભગવાન યોગેશ્વરજીના અનુગ્રહથી અભિન્ન છે. તેથી તે ભગવાન ક્યાંય ગયા નથી પરંતુ સૂક્ષ્મસ્વરૂપે પ. પૂ. મા શ્રી શ્રી સર્વેશ્વરીના સ્વરૂપમાં રહીને પહેલાં કરતાં પણ વિશેષપણે કાર્ય કરી રહ્યા છે. આથી હું પ્રણામપૂર્વક આ ગુણાનુવાદ પૂ. માના શ્રીચરણો-માં રજુ કરૂં છું.

—જનાર્દનભાઇ દવે
ભાવનગર

*

બેએક વર્ષ પૂર્વે પૂ. શ્રી યોગેશ્વરજી સંબંધે એક વિસ્તૃત લેખ મેં ધર્મલોકમાં લખ્યો હતો અને તે નિમિત્તે પૂ. શ્રી યોગેશ્વરજીને અને પૂ. માને એકાદવાર અમદાવાદ ખાતે મળવાનું બન્યું હતું. આ મુલાકાત દરમ્યાન સ્વ. મહાત્માજી-એ હૃદય ખોલીને ઘણી બધી વાતો મને કહી હતી. ૧૯૮૬ ના માર્ચના અધ્યાત્મના અંકમાં પૂ. મા સર્વેશ્વરી દ્વારા લખાયેલ લેખ 'કહ્યું તેજ કર્યું'' એ પણ તે દિવસે થયેલ



વિસ્તૃત વાતચીતનો તદ્દન સત્ય અંશ છે. મા સર્વેશ્વરીમાં ખૂબ સ્વાભાવિકતા એ સત્ય ઉછરી રહ્યું છે. એ આ લેખ દ્વારા વધુ સ્પષ્ટ થયું.

ધૂની માંડલીયા
(ખબરપત્રી ગુજરાત સમાચાર)

આ ઉપરાંત શ્રી ભાનુભાઇ નાયક, શ્રી જોષીપુરા (રાજકોટ) એડવોકેટ, શ્રી ઇશ્વરભાઇ શાહ, શ્રી ભાઇલાલભાઇ છાટબાર, ડો. ઘનશ્યામ દેસાઇ, શ્રી જયંતીલાલ ઘીવાલા વગેરેના પત્ર તેમજ તાર સંદેશાઓનો સમાવેશ થાય છે.


સીધો રસ્તો જેવો સરળ છે તેવો જ કઠણ છે. એમ ન હોત તો સૌ સીધો રસ્તો જ લેત.

IS:10001



ઓ. ૨૮૪૧૭
ફે. ૩૧૭૬૦
ધ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

# પવિત્ર ભૂમિ કપૂરાના દર્શને

કપિલાબેન શાહ

પરમ પૂજ્ય શક્તિ સ્વરૂપા મા સર્વેશ્વરીની જન્મભૂમિ કપૂરા જવાની ઇચ્છા ઘણા સમયથી હતી જ. પરંતુ જઇ શકાતું ન હતું, કહો કે પુણ્યનો ઉદય નહોતો થયો. અચાનક પૂ. માના પિતાશ્રીએ પાર્થિવ દેહ વિદેશમાં છોડી દીધો. આ સમાચાર સાંભળીને અંદર રહેલી ઇચ્છા જાગૃત થઇ અને કપૂરા પૂ. મા પાસે જવાનો નિર્ણય તુરત લઇ લીધો એટલે કે પૂ. માની કૃપા થઇ જ કહો ને !

તા. ૨૬-૧૦-૮૫ના રોજ શનિવારે ઓફિસથી બારોબાર બસમાં વ્યારા જવા નીકળી રાત્રે ૯-૩૦ વાગ્યે વ્યારા પહોંચી ગયા. અંધારૂ થઇ ગયું હતું. વ્યારાથી કપૂરા રીક્ષામાંજ જવું પડે એમ હતું અને બસ સ્ટેન્ડ પર એક જ રીક્ષા ઉભી હતી. ભાડાની થોડી રકઝક પછી નિર્જન રસ્તા પરથી પસાર થઇ લગભગ રાત્રે ૧૦ વાગ્યે કપૂરા આવી પહોંચ્યા.

રાત્રિને કારણે ગામમાં શાંતિ પ્રવર્તતી હતી. તેની પવિત્રતાની એક આગવી મ્હેંક આવી રહી હતી. બસ સ્ટેન્ડ પાસે શ્રી રમેશભાઇના ઘર આગળ જ રીક્ષા ઉભી રહી તેથી ઘર શોધવામાં મુશ્કેલી ન પડી બહાર વરંડામાં એક ભાઈ સૂતા હતાં. તેઓને જગાડ્યા. તે ભાઈ તરત શ્રી મોહનભાઇને બોલાવી લાવ્યા પૂજ્ય માના રૂમની લાઇટ ચાલુ હતી. એમને પૂ. માના દર્શન કરવાની ખૂબ ઇચ્છા હતી. પણ પૂ. મા પોતાના રૂમમાં હતાં. રાત્રે તેઓ ખાસ કોઇને મળતા નહીં. તેથી શ્રી મોહનભાઈ અમને શ્રી ઇશ્વરભાઇ ભકતના ઘરે



રાત્રિ વિશ્રામ માટે મૂકી ગયા.

અમે હાથ-મ્હોં ધોઇને સ્વસ્થ થઇએ એટલામાં જ શ્રી મોહનભાઇ પાછા આવ્યા ને 'પૂ. મા યાદ કરે છે'નો સંદેશો લાવ્યા. અમારી અંતરની ઇચ્છા જાણે કે પૂ. મા જાણી ગયાં. અમારા આનંદનો કોઇ પાર ના રહ્યો. હરખઘેલાં અમે દર્શને પહોંચી ગયાં. સફેદ વસ્ત્ર અને છૂટા વાળ ! પૂ. મા હિંચકા પર ઝૂલી રહ્યા હતા ! એક ક્ષણ તો મને એમ જ લાગ્યું કે મા જગદંબા જ હિંચકા પર ઝૂલી રહ્યા છે. તે વખતનું પૂ. માનું તેજ અને વ્યક્તિત્વ અલૌકિક હતા. અમને જોઇ પ્રેમાળ માએ સહજ સ્મિત કર્યું અને મારી નાજુક તબિયત રહેતી હોવાને કારણે 'તમે ઘણી હિંમત કરી !' એવી મીઠી ટકોર કરી. થોડી ખબર અંતર પછી અમે ઉતારા પર પાછા ફર્યા.

શ્રી ઈશ્વરભાઈના ધર્મપત્ની શ્રી મણિબેને અમારા માટે નાસ્તાની વ્યવસ્થા કરી રાખેલી. રાત્રે દસ વાગ્યે ઠંડીમાં આ રીતે આકસ્મિક આવતા ભક્તો માટે તેઓની સેવા અને ખાસ તો હસતા મુખે પ્રેમથી સેવા કરવી તે અગત્યની છે. તે જોઇને આપણને શહેરી પ્રજાને શરમ આવી જાય.

સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી પૂ. માના પિતાજીના ઘરે ગીતાપાઠ થતો. અમે પણ એ સમૂહપાઠમાં જોડાયા. કરુણામયી માના ત્યાં દર્શન થવાના હતા. જેવી રીતે અમે પૂ. માને મળવા આતુર હતા તેમ પૂ. મા પણ તેના બાળકોને મળવા આતુર હતાં. ગીતાપાઠ અને સત્સંગ લગભગ ૧૨ વાગ્યાસુધી ચાલ્યો. એટલામાં જ વડોદરાથી શ્રી જીતુભાઇ, શ્રીકુંદનબેન અને શ્રી જશભાઈ કારમાં આવી પહોંચ્યા. છોકરાંઓને આવેલા જોઈ ભકતવત્સલ માએ આખો

દિવસ ત્યાં જ બેસી સત્સંગ કરવાનું જાહેર કર્યું. આપણે તો થાકી જઈએ પણ શકિત સ્વરૂપા મા તો થાકનું નામ જ ન લે. ભોજનબાદ બપોર પછી તેમના ઉતારા પર ગયાં. ત્યાં શ્રી રમેશભાઈના ઘરની આસપાસ સુંદર મઝાની વાડી છે. પૂ. મા તો આપણને પ્રેમથી નવરાવ્યા કરે. વાડીમાં પૂ. મા અમને વિવિધ પ્રકારના ફૂલ-છોડ બતાવતાં જાય અને આનંદ કરાવતાં જાય ત્યાર પછી શ્રી મોહનભાઈને અમને પિતાજીની વાડી બતાવવા કહ્યું. મારા તરફ રમૂજ કરતા કહે "આ તો નાયલોન ખોખું છે. એને ચલાવતા ના લઈ જશો." આથી અમે કારમાં બેસી પૂ. માના પિતાશ્રીની વાડી જોવા ગયાં. તે જોઈને મારું મન વિચાર કરતું થઇ ગયું કે આ માના ખેતરમાં શી ખોટ છે? આ ધન-વૈભવ-સગવડ છોડીને, આ અલગારી જીવ ગુરુની સેવા કરવા અને પ્રભુની પ્રાપ્તિ માટે આ બધુ સહેજે છોડીને કેવી રીતે નીકળી ગયો છે? પ્રભુ તારા આ સ્વરૂપને લાખ લાખ વંદન.

રાત્રે ભોજન કરી પૂ. માના પિતાજીના ઘરે સત્સંગ હતો તેમાં ગયાં. ત્યાં કબીરના પદો અને ભજનો ગવાયાં. ગામડાંના આ લોકોનો ભજન ગાવાનો અનોખો ઢાળ કર્ણપ્રિય હતો. માણસના મૃત્યુ પછી રોજ રાત્રે આ રીતે સામુહિક પ્રાર્થનાનો રિવાજ આ ભકત સમાજમાં ઘણો સારો લાગ્યો. ભજન પછી સૌ વિખેરાયા. અમે તો બીજે દિવસે સવારે (સોમવારે) નીકળવાના હતા. પૂ. માને સહજ થયું આ છોકરાંઓએ આ ઘરનો પ્રસાદ તો લીધો જ નથી. તેથી ખુદ રસોડામાં જઇ ભોજનના વિવિધ પદાર્થો લઈ આવી અમને ખૂબ ભાવપૂર્વક આગ્રહ કરી જમાડ્યા. પછી પૂ. માએ અમને ત્યાં થોડા દિવસ રોકાઇ જવા ખૂબ આગ્રહ કર્યો. અમને અમદાવાદ પાછા જવા દેવા માટે જરાય રાજી



નહોતાં. પૂ. મા જાણે બોલાવી રહ્યા હતાં. "હે જીવો આ સંસારની માયામાં પડ્યા કરતાં સત્સંગનો લાભ લો." પણ અમારા આ યુગોના સંસ્કાર તે માયા કયાંથી છૂટે?

પૂ. શ્રીના શબ્દોમાં કપુરા મને ગોકુળ જેવું ગામ લાગ્યું. સાચે જ એક વખત તેના દર્શન કર્યા પછી ગવાય જાય કે

એક ગોકુળ સરખું ગામ
જેનું કપુરા સુંદર નામ.

એ ગુજરાતના ગોકુળિયાને કોટિ કોટિ પ્રણામ કે જેણે સમાજને શકિત સ્વરૂપા માની ભેટ ધરી.

હરિઃ ૐ

સંયમ એ જ શોભા,
સંસાર એક પાઠશાળા,
જીવન એક સંગ્રામ,
શરીર એક ધર્મશાળા,
જ્યાં છે ત્યાં જ રાજી રહે,

*

માયાને તમે જ પકડી છે.

*

માયાને તરવાનો ઉપાય ભગવાનના થઈ જાવ.

*

જીવનને ભગવાનમય કરી દો. ભગવાનને જાણવાથી બધું જણાઈ જાય.

# મારા આધ્યાત્મિક અનુભવો

—કિશોર બાબરીયા

આધુનિક યુગમાં સામાન્ય માનવી પોતાની અજ્ઞાનતાને કારણે કહો કે સાચી આધ્યાત્મિક સમજના અભાવે આધ્યાત્મિક અનુભવોને અસ્થિર મનના વિચારો કે તરંગોમાં ખપાવે છે. માનસશાસ્ત્રના ચિકિત્સકો તેને projection of mind કહે છે. પણ મારા અનુભવો એ સત્ય હકીકત છે, અંગત અનુભૂતિ છે. આધ્યાત્મિક અનુભવોને જાહેરમાં વર્ણવવા એ સામાન્ય શિરસ્તો નથી પણ આધ્યાત્મિક અનુભૂતિઓ આજે પણ થઈ શકે છે. કૃપા માંગે તેને મળે છે. પ્રાર્થના કરે તેને જવાબ મળે છે. ઈશ્વર આ સંસારમાં વિદ્યમાન છે અને ધારે તો દર્શન આપી શકે છે. માર્ગદર્શન પ્રદાન કરે છે તે સત્ય, જિજ્ઞાસુઓને સમજાવવા માટે મારા અનુભવોને વર્ણવું તો તે અયોગ્ય નહીં ગણાય.

મહારાષ્ટ્રમાં આવેલા અમરાવતીમાં મારા હાઇસ્કુલના અભ્યાસ દરમ્યાન મને એક મિત્રનો પરિચય થયો. અને દિવસે દિવસે પ્રેમભાવ વધતો ગયો. પછી તો ઉચ્ચ અભ્યાસ અર્થે તેઓ વડોદરા આવીને રહ્યા. છતાં અમારો સંબંધ ચાલુ રહ્યો. મારા તે મિત્ર શ્રી સુરેશભાઇ શ્રીરામકૃષ્ણ પરમહંસ દેવ અને મા ભગવતીના ઉપાસક, ભકત હતા. એકવાર તેમણે મને મા જગદંબાની અને શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવની ભક્તિ કરવાનું સૂચન કર્યું. પ્રભુના ભકતનું એ સૂચન મને કરુણામયી માની પ્રેરણા સરખું લાગ્યું, મેં મારી રીતે વાત્સલ્યમૂર્તિ મા અને શ્રી રામકૃષ્ણદેવની ભકિત કરવાનું શરૂ કર્યું. છેલ્લા સાત-આઠ વરસથી નિયમિત હું વડોદરા



શ્રી સુરેશભાઈના ઘરે આવું છું. અને અમે સાથે સાધન-ભજન-સત્સંગ કરીએ છીએ.

ઇ. સ. ૧૯૮૨ ના એપ્રિલ મહીનાની વાત છે. તે દિવસે હું અને સુરેશભાઇ પૂજાના ઓરડામાં શ્રી રામકૃષ્ણદેવની તસ્વીર સામે ધ્યાન તથા પ્રાર્થના કરતાં હતાં. મારા તે દિવસોની પ્રાર્થનાના ભાવો આ પ્રમાણે હતાઃ-હે શ્રી રામકૃષ્ણદેવ પ્રભુ! અનેક જન્મોના સુંદર કાર્યો, પુણ્યોના પરિણામે સારા ભાગ્યની પ્રાપ્તિ થઇ છે. અને તેથી જ આપના પરમ પવિત્ર ચરણોમાં શરણાગત થયો છું. હે પ્રભુ, આપની કૃપાનો, આપના અનુગ્રહનો અભિલાષી છું, હે પ્રભુ, આપ કૃપા કરો......પ્રાર્થના અને ધ્યાન ખુલ્લી આંખે થતાં હતાં ત્યાં જ મારા આશ્ચર્ય વચ્ચે શ્રી રામકૃષ્ણદેવ છબીમાંથી અદશ્ય થયા અને ત્યાં શ્વેતવસ્ત્રધારી કોઇ તેજસ્વી મહાત્મા પુરુષનાં દર્શન થયાં. મેં પહેલાં કદીપણ આ અલૌકિક શકિતસભર સંત મહાપુરુષને જોયા ન હતાં તેથી ઓળખી ના શકયો. થોડી મિનિટો સુધી એ અદ્ભુત દર્શન ચાલુ રહ્યું. મને એ દિવ્ય દર્શનથી ખૂબ જ આનંદ થયો. બીજે દિવસે છાપામાં પૂ. શ્રી યોગેશ્વરજીના એમ. એસ. યુનિવર્સિટીમાં નવધાભકિત પરના પ્રવચનની જાહેરાત ફોટા સાથે આવી. મને તરત જ દર્શન થયેલા સંતપુરુષ યાદ આવ્યા. મેં સુરેશભાઇને કહ્યું આજ મહાત્મા પુરુષના મને દર્શન થયાં હતાં. મને દર્શન થયેલા મહાત્મા પુરુષ પૂ. શ્રી. યોગેશ્વરજી હતા એ જાણી મને અત્યંત હર્ષની લાગણી થઇ. પાછળથી મારા જાણવામાં આવ્યું કે પૂ. શ્રી. જ પૂર્વજન્મમાં શ્રી રામકૃષ્ણ દેવ હતાં. મને તેમણે આ રીતે દર્શન આપી એ જ પ્રતીતિ કરાવી.

જે દિવસથી પ્રવચન શ્રેણી શરૂ થવાની હતી તે દિવસે સવારે હું રોજના નિયમ પ્રમાણે ધ્યાનમાં બેઠો હતો. ત્યારે મારા કાને દિવ્ય સ્વરો સંભળાવા લાગ્યા. એ મધુર શબ્દો મને દર્શન થયેલા શ્રી યોગેશ્વરજીના જ હતા. તેઓ પ્રવચન કરી રહ્યા હતા અને હું સાંભળી રહ્યો હતો. થોડી મિનિટો સુધી પૂ. શ્રી એ પ્રવચન સંભળાવ્યું પછી કહે બાકીનું તમે સાંજના પ્રવચનમાં આવો ત્યારે સાંભળજો એ દિવ્ય સ્વરો અને અલૌકિક શક્તિવાળા મહાપુરુષનાં પ્રત્યક્ષ દર્શન કરવાને મારું મન એકદમ આતુર થઇ ગયું.

સાંજે અમે પ્રવચન સ્થળપર ગયા. પૂ. શ્રીનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. મને દર્શન થયેલાં તે જ સ્વરૂપમાં પૂ. શ્રી પધારેલા. અને નવાઇ તો એ વાતની લાગી કે મને જે શબ્દો સવારે ધ્યાનમાં સંભળાયેલા તે જ શબ્દો પૂ. શ્રીએ પ્રવચનની શરૂઆતમાં કહ્યા. મારા પર અપાર કૃપા કરનારા એ મહાપુરુષને હું મનોમન પ્રણમી રહ્યો.

પ્રવચન ચાલતું હતું ત્યાં જ એ સુધાસભર વચનોને સાંભળતાં સાંભળતાં મને ધ્યાન લાગી ગયું. પ્રવચનના શબ્દો, મારું અસ્તિત્વ, ભક્ત મંડળીનું અસ્તિત્વ સર્વ કાંઇ વિસરાઇ ગયું અને હું અને પૂ. શ્રી એક જ છીએ એવો અનુભવ થયો. ભક્ત અને ભગવાન એક જ છે એવી અનુભૂતિથી મને અપાર આનંદની લાગણી થઇ. થોડા વખત પછી ફરી સામાન્ય સ્થિતિ આવી ગઇ. પ્રવચન પણ સમય થતાં પૂરું થયું. પ્રવચન પછી પૂ. મા શ્રી સર્વેશ્વરીએ મધુર અવાજે ધૂન ગવડાવી

હરિ હરિ બોલ હરિ હરિ બોલ
મુકુંદ માધવ હરિ હરિ બોલ
વિઠ્ઠલ માધવ હરિ હરિ બોલ



એ સુમધુર અવાજનું શ્રવણ કરતાં કરતાં મારૂં ફરી ધ્યાન લાગી ગયું. સર્વકાંઇની વિસ્મૃતિ થઈ ગઈ. થોડી ક્ષણોમાં જાણે કે વીજળીનો ઝબકારો થયો અને મા સર્વેશ્વરીની જગ્યાએ વિજળીની ઝડપથી અગ્નિના તે જ સ્વરૂપ સિંહ તથા તેના ઉપર બિરાજમાન કૃપાળુ મા ભગવતી જગદંબાનાં સાક્ષાત્ દર્શન થયાં. ધ્યાન ઉતરતાં ફરી ત્યાં પૂ. મા સર્વેશ્વરી અને એ જ મધુર ધૂનના શબ્દો કાને સંભળાયા. મારા આરાધ્ય મા જગદંબાના સાક્ષાત્ દર્શન થયા અને એ જ આ જગદંબા સ્વરૂપ મા સર્વેશ્વરી રૂપે અવતર્યાં છે જાણી આનંદથી નાચી ઉઠ્યો. તેજોમય મા જગદંબાનું એ સ્વરૂપ મારા મનમાં, હૃદયમાં પૂ. શ્રીની કૃપાથી હંમેશને માટે અંકિત થઈ ગયું. પૂ. શ્રીએ ઘણી જગ્યાએ કહ્યું છે, લખ્યું છે કે મા સર્વેશ્વરી સાક્ષાત્ જગદંબાનો અવતાર છે તથા કોઇક વિરલ જ તેને જાણી શકશે. પૂ. શ્રીની અનન્ય કૃપાથી તથા પૂ. મા સર્વેશ્વરીના આશીર્વાદથી મને આ વાતનો સાક્ષાત્કાર થયો તેને મારું મોટું અહોભાગ્ય માનું છું.

અમરાવતીમાં હું કાપડના ધંધામાં નોકરી કરતો હતો. મારી ઇચ્છા કોઇ પણ ભાગીદાર કર્યા વગર પોતાની દુકાન ચાલુ કરવાની હતી. પણ મારી પાસે કોઈ મોટી મૂડી ન હતી. તેથી વ્યવહારિક રીતે એ વાત અશકય જેવી હતી. પરંતુ ઈશ્વરની શક્તિમાં મને વિશ્વાસ હતો. મારી ઈચ્છા છે તો પ્રભુ કોઇક રસ્તો સુઝાડશે. ૧૮ માર્ચ ૧૯૮૪ના રોજ મારા ઘરે મારી ઉંઘ સવારના પાંચ વાગ્યે ઉડી ગઈ અને ખૂબ જ તાજગીનો અનુભવ થયો. હું ઘર બહાર પાળ પર જઇને ઈશ્વરનું સ્મરણ કરતો બેઠો. મન શાંત થયું તેટલામાં પૂ. શ્રી યોગેશ્વરજીનો અવાજ સંભળાયો: “તમારી ઈચ્છા પોતાની દુકાન શરૂ કરવાની છે તો આજથી જ થઇ જશે. હું તમારી

સાથે જ છું. તમારી બધી તકલીફ દૂર થઇ જશે." પૂ. શ્રી સ્થુળરૂપે ક્યાં બિરાજતા હતા તેની મને જાણ ન હતી. પણ આ રીતે મને અમરાવતી આવી આશીર્વાદ પ્રદાન કર્યા તેથી મને ઘણો ઉત્સાહ આવ્યો. અને ઇશ્વરે જ જાણે કે પ્રેરણા કરી હોય તેમ તે જ દિવસે બપોરે એક ગુજરાતી દલાલભાઈ મારી પાસે આવ્યા અને તેની પાસેની કાપડની બે ગાંસડીઓ વેચવા માટે મને વિનંતી કરી. પૂ. શ્રીની કૃપાથી ચાર-પાંચ દિવસમાં તે ગાંસડીઓ વેચાઇ ગઈ. અને તે દિવસથી મારી પોતાની દુકાન ભગવાનની ભાગીદારીમાં ચાલુ થઈ ગઈ. હવે તો દુકાન બરાબર ચાલે છે. પૂ. શ્રીની કૃપા હોય તો શું અશક્ય છે?

ઘણા દિવસો પછી મને ખબર પડી કે મારા ગુરુ પૂ. શ્રી યોગેશ્વરજીએ ૧૮ માર્ચ ૧૯૮૪ના રોજ સ્થૂળ શરીરનો ત્યાગ કર્યો છે. સમાચાર સાંભળી ખૂબ દુઃખ થયું. મન ઉદાસ રહેવા લાગ્યું. વાત-ચીત, ખાવું-પીવું બેધ્યાન રહ્યું. સંસારમાં જાણે કે કંઇ સાર ના રહ્યો. વ્યથા, ઉદાસી અને નિરાશામાં દિવસો પસાર થવા લાગ્યા. થોડા દિવસો પછી પૂ. શ્રીએ એક અનુભૂતિ આપી જણાવ્યું, "અમને આવવા-જવાનું ન હોય. સંતો તો સૂક્ષ્મ શરીરે હાજર જ છે. બધે જ વ્યાપ્ત છે. દિવ્ય ચૈતન્ય છે." આ અનુભૂતિથી મને અવર્ણનીય પ્રસન્નતા અને સંતોષ થયો.

મારી ખૂબ જ ઇચ્છા હતી કે પૂ. શ્રી સાથે સાત દિવસ રહી સાધના કરું. મેં પૂ. શ્રીનું ફક્ત પ્રવચન જ સાંભળ્યું હતું ક્યારેય મુલાકાત વાતચીત કે સાથે રહ્યાનું થયું નથી. એ વાત મને હૃદયના ઊંડાણમાં ખૂંચતી હતી. પણ પૂ. શ્રીએ દિવ્ય અનુભૂતિઓ આપી પછી એમ લાગે છે કે આપણે



સાત દિવસ તો શું પણ જીવનની હરપળ તેમના સત્સંગમાં અને પવિત્ર ચરણકમળોમાં જ છીએ. આપણે પરમાત્માનો હાથ પકડયો હોય તો છૂટવાનો ડર રહે. પણ પૂ. શ્રી તથા જગદંબાસ્વરૂપ મા સર્વેશ્વરીએ ખૂબ જ કૃપા કરીને મારો હાથ પકડયો છે તો આ બાળકને હવે ભય શો?

એક ઘડી આધી ઘડી, આધી મેં પૂની આધ;
તુલસી સંગત સાધુ કી, હરે કોટી અપરાધ.

આપણને આ મહાન વિભૂતિઓનું સાંનિધ્ય મળ્યું છે તો તેમના પવિત્ર ચરણકમળોમાં પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિભાવથી શરણાગત થઇને જીવનને કૃતાર્થ કરીએ. પૂ. શ્રી તથા પૂ. મા સર્વેશ્વરીની વરસી રહેલી કૃપાને ઝીલવા તૈયાર થઇએ એ જ પ્રાર્થના.

પ્રભુને મળવાની ઝંખના હોય તો હૃદયને નિર્મળ કર ને છળ, કપટને વિકારને બદલે તેમાં સત્યતા, સરળતા ને સ્થિરતાની સ્થાપના કર.

*

પ્રભુને જોવાની ઇચ્છા હોય તો આંખને નિર્મળ કર. તેમાંથી અહંકાર દૂર કર ને પ્રેમના અંજનથી તેને આંજી દે.

*

તું એવા પદાર્થની પ્રાપ્તિને માટે પુરુષાર્થ કર કે જે સનાતન હોય અને સદાને સારું તારી સાથે હોય, જેને જોઇને તું કહી શકે અને હિંમતપૂર્વક કહી શકે કે સૃષ્ટિની સફરમાં સામેલ થઈને મેં સનાતન એવું કશુંક મેળવ્યું છે.

## પરમાત્માથી અભિન્ન સદ્‌ગુરુનું શરણુ ગ્રહણુ કરો

મરણવેલા રક્ષકરહિત દશે દિશાઓ જોઇને બહુ મૂઢતાને પામેલો તું તે વેલા તે મહાભયવાળા સ્થાનમાં શું કરી શકીશ ? કાંઈ નહિ કરી શકે, માટે તું હમણુાંજ જગત્‌ના સ્વામી, મહાબલવાન્ જગતની રક્ષામાટે ઉદ્યુક્ત ને સર્વ ત્રાસને હરનારા પરમાત્માથી અભિન્ન સદ્‌ગુરુને શરણે જા.

પૂર્વે અનુભવેલા પણ વર્તમાનકાલમાં નાશ પામેલા સંબંધિજનોથી ને વર્તમાનકાલમાં સ્થિત સંબંધિજનોથી તને શો લાભ છે ? કે જેઓમાં આસક્તિ રાખીને તું તારા પૂજ્ય સદ્‌ગુરુના વચનોનું ઉલ્લંઘન કરે છે ?

આ મર્ત્યલોકનો, બંધુઓનો ને પરિચિતજનોનો મરણવેલા ત્યાગ કરીને તું એકલોજ કોઇ અજાણે ઠેકાણે જઇશ તો પછી અહિના સર્વ પ્રિયઅપ્રિય પ્રાણિપદાર્થથી તને શું પ્રયોજન છે ? કાંઇ પણ પ્રયોજન નથી. તારે તો માત્ર તારું પરમહિત કરનારા તારા પૂજ્ય સદ્‌ગુરુથીજ સાચું પ્રયોજન છે.

"અશુભથી નક્કી દુઃખ છે, ને હું હવે તેમાંથી કેમ નીકળું ?" આ વિચાર તારે રાત્રિદિવસ કર્યાં કરવો જોઇએ અને તારા પૂજ્ય ગુરુના અનન્યશરણને સુદૃઢ કરી સર્વપ્રકારના અશુભમાંથી નીકળવા તારે સદાગ્રહપૂર્વક ઘણામાં ઘણો પ્રયત્ન કરવો જોઇએ.

પ્રભુથી અભિન્ન સદ્‌ગુરુ અનાથોના નાથ, દુઃખપૂર્ણ ભવમાર્ગના પ્રવાસીઓના સમર્થ ને દયાલુ સાર્થવાહ, ભવસાગરને પાર જવાની ઇચ્છાવાળાની સુદૃઢ નૌકા, મર્યાદાનું ઉલ્લંઘન કરવા ઇચ્છનારાના સેતુ, દીપાર્થીના દીપ, શય્યાર્થીની શય્યા, દાસાર્થીના દાસ, સર્વ પ્રાણીઓના ચિંતામણિ, ભદ્રવટ, સિદ્ધવિદ્યા, મહૌષધિ, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. હે જીવ ! એવા પ્રભુથી અભિન્ન સદ્‌ગુરુનુંજ તું શુદ્ધભાવે અનન્યશરણ ગ્રહણ કર, ને પરમ સુખી થા.

**પૂજ્યપાદ મહારાજ નથુરામશર્માજી** (આનંદાશ્રમ, બીલખા)



## રામાયણમાં અયન કેટલાં ?

જનાર્દન દવે

आपदामपहर्तारं दातारं सर्वसंपदाम् ।
लोकाभिरामं श्री रामं भूयो भूयो नमाम्यहम् ॥

પરમ મંગલમય ભગવાનની મહતી કૃપા વિના આપણે આવી રીતે મળ્યા ન હોત. ભગવાન શ્રી રામના પરમાનુગ્રહ પ્રાપ્ત કરેલા ગોસ્વામી તુલસીદાસજી રચિત મંત્રાત્મક માનસગ્રંથ, મહાત્મા શ્રી યોગેશ્વરજીની પ્રાસાદિક વાણીનો ભાવપૂર્ણ અનુવાદ અને પૂજ્ય શ્રી શ્રી સર્વેશ્વરીમાનું સાન્નિધ્ય એમ અહીં આપણે માટે જ કુંભમેળાનું પર્વ છે—આપણા માટે તો આ માઘી સ્નાનનો પુણ્ય લાભ છે.

શ્રી રામાયણ એવું શીર્ષક વિચારણીય છે. તેમાં બે શબ્દો છે (૧) રામ (૨) અયન. રામનું અયન એટલે રામાયણ. અયન એટલે ગતિ; અયન એટલે પ્રવાસ, અયન એટલે પ્રયાણ. શ્રી રામાયણજીમાં શ્રી રામના પાંચ ગમન છે. સૌથી પ્રથમ वैकुंठात् रामस्य पृथिव्यां अयनं तद् रामायणम् । સૌથી પ્રથમ તો પ્રભુ આપણા સૌ માટે વૈકુંઠથી આપણા સૌના ધ્યાન, સ્મરણ, જપ, કીર્તન, વંદનાદિ સાધનો સિદ્ધ કરવા પૃથ્વી પર પધાર્યા. જેનો ઉદ્ધાર કરવો હોય તેના જેવા થવું પડે છે. પ્રભુએ જીવોને સંસારી બનાવ્યા તો તેમની જેવા સંસારમાં આવી પૃથ્વી પર પ્રભુએ એવાં લીલા નાટકો કર્યાં કે નારદજી ને સતીની મતિ મોહ પામી તો આપણી શી વાત ? અવતાર કાલમાં તો જટાયુ, અહલ્યા, સુગ્રીવાદિને તાર્યાં પણ અવતારકાલ પૂરો થયે પણ એમનાં લીલાગાન, શ્રવણ, ધ્યાનાદિથી કોટી કોટી જીવો તરે

માટે રામનું પૃથ્વીપર વૈકુંઠથી અયન તે પ્રથમ અયન.

રામાયણમાં રામનું બીજું અયન વર્ણવ્યું છે. रामस्य विश्वामित्र यज्ञरक्षणार्थाय अयनं तद् रामायणम् । રામચંદ્ર-પ્રભુનું વિશ્વામિત્ર યજ્ઞરક્ષણાર્થે અયન તે રામાયણ. વિશ્વામિત્રજી મહાસમર્થ છે. માત્ર મનન કરનારા જ મુનિ નથી, માત્ર તપસ્વી નથી.

अग्रतश्चतुरो वेदाः पृष्ठतो सशरो धनुः ।
इदं ब्राह्मं इदंक्षात्रं शापादपि शरादपि ॥

જેમની જિહ્વાપર ચારે વેદોના કોટ્યાવધિ મંત્રો રમતા હતા, બલા અને અતિબલા જેવી દિવ્ય વિદ્યાઓનાં આચાર્ય ગુરુ, ને પાછળ ધનુષ બાણ ધારણ કરી શકે, શાપ પણ આપી શકે અને શરવર્ષા પણ કરી શકે એવા ઉભય શાસ્ત્ર-શસ્ત્રના મર્મજ્ઞ ગુરુદેવ છે પણ યજ્ઞ કરનારે વ્રતો લેવા પડે છે. આજે પણ કર્મકાંડના શાસ્ત્રમાં બ્રાહ્મણ વરણ વખતે अक्रोधनाः शौचपरायणाः सततं ब्रह्मचारिणः એમ કેવા બ્રાહ્મણોનું વરણ કરવું એ નિયમો બતાવવામાં આવે છે. જે વ્રતો પાળે-આગ્રહપૂર્વક સદ્વ્રતી બને તેની સાથે રામ તેના અનુગામી બનીને ચાલે છે. આપણે વ્રતો પાળીએ તો શ્રી ભગવાન આપણી વ્રતરક્ષા માટે સાથે જ ચાલે છે. રામરક્ષામાં आत्तसज्ज धनुषाविषुस्पृशा वक्षया જેણે ધનુષ પર સતત બાણ ચડાવી રાખ્યું છે તેવા રામ મારા રક્ષણ માટે સતત ચાલો એવી પ્રાર્થના છે. પણ શ્રી રામ વ્રતી સાથે ચાલે છે. શ્રીમદ્ ભાગવતમાં ભરતજી ચૌદ વર્ષ ગોમુખયાવક વ્રત કરીને રહ્યા એમ કહ્યું છે, અયોધ્યાવાસીઓએ પણ ચૌદ વર્ષ નિયમો પાળ્યા છે-શ્રી રામનું આ બીજું અયન વ્રતીની રક્ષા અને યજ્ઞ રક્ષા માટે છે. यज्ञो वै विष्णुः યજ્ઞ ભગવાનનું જ સ્વરૂપ તેથી યજ્ઞરક્ષણાર્થે ભગવાનનું આ



અયન છે.

ભગવાનનું ત્રીજું અયન છે "सीताप्राप्त्यर्थं श्री रामस्य मिथिलायामयनं रामायणं" સીતા અને રામ અનન્ય છે, એક જ તત્વ છે. સંતોનો મત એવો છે. શ્રી રામની જે જે લીલા છે તે શ્રી રામની છે જ નહિ. લીલા કૌતુકી તો શ્રી સીતામા છે. અધ્યાત્મ રામાયણનાં રામહૃદયમ્‌માં શ્રી હનુમાનજીને શ્રી જાનકીજી કહે છે રામ તો બ્રહ્મ છે તેનામાં કર્તૃત્વ ભોક્તૃત્વ નથી. સર્વ લીલાઓ તો મારી છે શ્રી રામમાં તો લોકો તેનું આરોપણ કરે છે. તાટકાવધ, વિશ્વામિત્ર યજ્ઞરક્ષણ, રાવણવધાદિ બધી લીલાઓ મારું જ કાર્ય છે. શ્રી રામ તો માત્ર સાક્ષી બ્રહ્મ છે. આમ શ્રી રામ અને સીતા અ-દ્વય તત્વ છે પણ લીલા કરવી હોય તો ભિન્ન ભિન્ન નગરોમાં જુદાં જુદાં લીલા વિગ્રહો પ્રકટ કરી લૌકિક રીતને અનુસરી વિવાહ વિધિથી જોડાવું પડે એટલે શ્રી રામાયણમાં શ્રી રામનું આ ત્રીજું અયન તે સીતાજી સાથે બહારથી જોડાવા છે. શ્રી ઠાકુર અને પૂજ્ય શ્રી શ્રી શારદા મા, અને પૂજ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂજ્ય શ્રી શ્રી સર્વેશ્વરી મા પણ આવા જ લીલા-કૌતુકથી જુદા જુદા અવતરી પછી અમુક કાળે જોડાય છે. રામાયણ શબ્દમાં 'ણ'કાર છે 'ન'કાર નથી. અર્થાત્ રામાયન નથી પણ રામાયણ એવી રચના છે. આપણા વર્ષમાં સૂર્યના બે અયન જાણીતાં છે ઉત્તરાયણ અને દક્ષિણાયન અહીં પણ પહેલામાં 'ણ' કાર છે બીજામાં 'ન'કાર છે. સૂર્યનું દક્ષિણાયન પિતૃયાન માર્ગે લઈ જાય છે તેમાં શુભ કાર્યો વિવાહ-ઉપનયનાદિ થતાં નથી, પણ દક્ષિણાયનમાં ચાતુર્માસ આવતા હોઈ સાધન, ભજન, ઉપાસના ખૂબ થાય છે.

સૂર્યવંશમાં અવતરેલા ભગવાન શ્રી રામનાં જે પાંચ

અયનો રામાયણ કાવ્યમાં વર્ણવાયાં છે તેમાંના છેલ્લાં બે દક્ષિણાયન શ્રી રામનું ઉત્તરની અયોધ્યાથી દક્ષિણની શ્રીલંકા સુધી જવું અને શ્રીલંકાથી અયોધ્યા તરફ ઉત્તરાયણ છે

જ્યાં સુધી રાવણ, કુંભકર્ણ ને ઇંદ્રજિત છે ત્યાં સુધી રામરાજ્ય પ્રસ્થાપિત થઇ ન શકે જ્યાં સુધી પંચવટીના જનસ્થાનમાં ખર, દૂષણ, ત્રિશરા છે ત્યાં સુધી પણ રામરાજ્ય સિદ્ધ થઇ ન શકે, રામાયણ આજકાલ શેર શાયરીઓ ને મનોરંજન કરતા ટૂચકાઓ દ્વારા રંજન પ્રધાન વધુ બનેલ છે પણ રામાયણ એ માત્ર આદર્શ કુટુંબ કાવ્ય નથી બલ્કે અધ્યાત્મનો એક મહાનગ્રંથ છે. રાવણ કામ, કુંભકર્ણ પ્રમાદ નામના આપણા મોટા અંતઃશત્રુઓ છે એમને શ્રી રામે ચૌદવર્ષ સુધીની ત્યાગ, વૈરાગ્યવાળી લાંબી સાધના પછી માર્યા. રામનું દક્ષિણાયન સાધના અવસ્થા છે, શ્રીલંકાથી અયોધ્યા આગમન સિદ્ધવસ્થા છે. રામે જેમ દીર્ઘકાલીન તપ ત્યાગવાળી સાધના પછી કામ=રાવણ અને પ્રમાદ=કુંભકર્ણને માર્યા તેમ શ્રીલક્ષ્મણજીએ પણ તીવ્ર બ્રહ્મચર્ય, નિદ્રાવિજય અને ઉત્કૃષ્ટ ઇંદ્રિય સંયમ, મનોવિજય પછી મેઘનાદને માર્યા. મેઘનાદ મોહ તત્ત્વ છે. મોહને મારવા રામ કરતાં પણ વધુ તપ ત્યાગ જોઇએ. શ્રી રામ તો શ્રીસીતાદેવી સાથે રહ્યા-પણ લક્ષ્મણજીનું બ્રહ્મચર્ય ત્યાગ, સંયમ પરાકોટીના છે. શ્રી રામે આમ કામ-પ્રમાદ જીત્યા, લક્ષ્મણે મોહ વિજય કર્યો.

(ક્રમશઃ)



# ધ્યાન

મમતા પી. ભાટિયા

ધ્યાન સંપૂર્ણ વિચાર બુદ્બુદ્ વિનાની શબવત્ સ્થિતિ છે. ધ્યાન એટલે શ્વાસોચ્છ્વાસની કસરત નહિ, અમુક નક્કી કરેલું જડ આસન નહિ કે મનને ચૂપ કરવાનો પ્રયત્ન કરી પોતાને એકદમ તંગ બનાવી દેવું એવું નહિ. ધ્યાન એ કોઇ ગણિતિક કે પ્રયોગશાળામાં સિદ્ધ કરી શકાય એવી વૈજ્ઞાનિક પ્રક્રિયા નથી. ધ્યાન તો ઇશ્વર સાથેનો, સાચા સ્વરૂપની સાથેનો સંપર્ક છે. એમાં પોતે જ પોતાની સાથે સંપૂર્ણ એકાંતમાં ચાલી જવાનું છે. એ એની કૃપાવસ્થા છે, જેમાં માણસ આપોઆપ પોતાના હૃદયને પ્રકાશાભિમુખ કરે છે. સૂરજમુખી પોતાની પાંખડીઓને સૂર્યની દિશામાં ઉઘાડે છે તેમ અનાયાસે, અને છતાં નિઃશંકપણે !

માણસ એકાંતમાં રહેતાં બીએ છે, કારણ કે ત્યાં તેને પોતાનો સામનો કરવો પડે છે. અને પોતે ખરેખર કેવો છે તે નજરે જોવું પડે છે. એને શાંતિ અને જ્ઞાન જોઇએ છે પણ ટૂંકામાં ટૂંકા રસ્તે જોઇએ છે, અને હવે તો ભગવાન પણ ટૂંકામાં ટૂંકા રસ્તે જોઇએ છે. એટલે હવે લેબલ અને ફોર્મ્યુલાવાળા પેકેટોમાં યોગ વેચાવા માંડ્યો છે. લોકો ચોપડીઓ વાંચીને, ધંધાદારી સાધુઓનાં ભાષણો સાંભળીને પોતે શું કરવું તે નક્કી કરે છે. પણ બધી ફોર્મ્યુલાઓ ભૂલી જાઓ, મનને ભૂલી જાઓ, દુનિયાને ભૂલી જાઓ, તમને યે ભૂલી જાઓ ! બસ એના ચરણમાં સંપૂર્ણ સમર્પણપૂર્વક શબવત્ પડી રહો, પડી રહો, પડી રહો !

જો તમે રોજનો માત્ર અડધો કલાક પણ એને આપશો, તો તમે અંતરમાં સંવાદ અને બળનો અનુભવ કરશો. પરંતુ

આ અડધો કલાક એનો થઈ જવો જોઈએ, એના પર પછી તમારો કોઈ હક નહિ. એને કહો 'પ્રભુ, હું આવી છું'. મારી જાતે ઉભી કરેલી ચિંતાઓથી થાકી હારીને હુ આશરા માટે તારી પાસે આવી છું. મારા બધા દોષો–ખામીઓ સાથે તું મારો સ્વીકાર કર, અને તારી ઈચ્છા પ્રમાણે મારો ઘાટ ઘડ. જો મારૂ મન ચંચળ હોય તો એ ચંચળતાનો તું સ્વીકાર કર! જો તે અશુદ્ધ હોય તો એ અશુદ્ધિને દૂર કરી મારો સ્વીકાર કર! હું તારા મહિમાનાં ગાણાં નહિ ગાઉં અને તું મારી મુસીબતોની પરવા ન કર! આ અડધો કલાક હું તારી જ છું. આકાશ, પૃથ્વી ને પાતાળ ત્રણે લોક કદાચ પાયામાંથી હાલી જાય, તો પણ હું તને છોડવાની નથી. આ અડધો કલાક મને તારામાં જ સમાવી રાખ, જેથી હું તારી પડખે ચાલું, તારી ખાતર કામ કરું અને તારી ખાતર જીવું. ઈસુ નહોતા કહેતા કે ભાર-ગ્રસ્તો, મારી પાસે આવો, હું તમારો ભાર ઉતારી તમને આરામ આપીશ, તો શા સારુ એને વળગી રહી એ પ્રતિજ્ઞાનું પાલન ન કરવું? શા સારું એની અજમાયશ ન કરવી?

અડધા અડધા કલાકે એકાદ મિનિટ ઈશ્વરનું સ્મરણ કરવું. આટલું કરશો તો પણ ઈશ્વરની સાથેનો તમારો સંપર્ક ગાઢ થતો જશે. આપણે જે કંઇ આપી શકીએ તે આપવું એ આપણા સૌને માટે જરૂરી છે. એમાં હિસાબ કરવાનો ન હોય, યોજનાઓ કરવાની ન હોય! જે કંઇ અલ્પ પણ પ્રભુને આપવાનું તમારી પાસે હોય તેને આપો. જેટલો વખત પ્રભુનું ચિંતન કરવું ભૂલી ગયા, એટલો વખત સદાને માટે ખોયો જ છે.

લોકો કહે છે કે અત્યારે હુ જરી મુસીબતમાં છું. આ મુસીબતમાંથી છૂટયો કે તરત હું પ્રભુનું શરણું લઈ બેસી



જવાનો છું. પરંતુ આ 'આવતીકાલ' કદી આવતી નથી. કોઇ માતા એમ નથી કહેતી કે ફલાણું ઢીકણું કામ પતી જાય, એટલે આવતી કાલથી હું મારા બાળક પર પ્રેમ કરીશ. આથી તો અનૃતની શકિતઓ તમારા સંજોગો આવા ને આવા જ રહે એવું કરશે.

તમને ખબર છે, અને શું ઈશ્વરને તમારા સંજોગોની ખબર નથી? એ જ તો એ સંજોગો ઘડનાર છે! એ જ તો સંજોગોનો માલિક છે. એને શા સારુ એ સંજોગો ઘડયા એની એના સિવાય બીજા કોઇને ખબર નથી. પણ એટલી વાત નક્કી કે આપણે આપી શકીએ તેના કરતાં વધારેની એ આપણી પાસેથી અપેક્ષા રાખતો નથી. રોજની પાંચ જ મિનિટ એને આપી શકીએ તો પાંચ મિનિટ આપો, પણ આપો તો આપી જાણો. પછી આ પાંચ મિનિટ પર તમારો કોઈ હકદાવો નહિ. જો આજે તમે સંપૂર્ણપણે આત્મસમર્પણ કરી શકતા ન હો તો એને પ્રાર્થના કરો કે આવતી કાલે તમે એવું કરી શકો. જો તમે સાચાદિલ હશો, જો સાચે જ એમને પામવાની તમન્ના હશે, તો આપણા સંજોગો ગમે તેટલા પ્રતિકૂળ હશે તો પણ એ બદલી નાખશે. પણ ખરી મુસીબત જ એ છે કે એને પામવાની આપણાને સાચા-દિલની તમન્ના નથી. માણસે જેટલો બને એટલો વખત ઈશ્વરનું સ્મરણ કરવું જોઈએ, એથી મન ટેવાતું જાય છે અને પરિણામે ધ્યાન શક્ય બને છે.

## થાય

પ્રભુ ! તારી ભક્તિ એવી સીધી થાય !
 જેવી ખગગતિ નભસાગરમાં,
 મીન જલે સરી જાય... પ્રભુ !

પ્રભુ ! મારી શક્તિ એવી ધ્રુવ થાય;
 મહાબાહુ બાણુ સમ લક્ષ્યવેધ કરી,
 અંતે સ્વામી ! ત્હારે ભાથે ભળી જાય... પ્રભુ !

પ્રભુ ! મારી રતિ એવી વળી જાય;
 જેવાં વત્સ ધસે સુરભિ પ્રતિ,
 આષાઢી મેઘ ધરતી શું ધસી જાય... પ્રભુ !

પ્રભુ ! મારી ગતિ એવી રૂડી થાય;
 સાધન-સાધ્ય સરે સહુ સહજે,
 સોઽહં સોઽહં હંસ ગીત ગાય... પ્રભુ !

ડૉ. રણજીત પટેલ
(अनामी)



## મન છે સહુથી મહાન

મન છે ગંગા, મન છે કાશી;
 મન છે તીરથધામ, જાણો !
સકળ તીરથ છે ઘર-આંગણિયે ;
 ફરવાનું શું કામ ? જાણો ! મન૦

ઘટ-ઘટમાં ગોવિન્દ વિરાજે ;
 કણ-કણમાં છે શ્યામ, જાણો !
મન સુધરે તો જીવન સુધરે;
 થઇ જાતો આરામ, જાણો ! મન૦

મન છે મિત્ર, મન છે શત્રુ ;
 એવું મનનું કામ, જાણો !
આત્મસ્વરૂપે મનને બનાવો ;
 બની જશે ભગવાન, જાણો ! મન૦

'જગદીશ' મન સોંપો મોહનને ;
 ઠરવાનું છે ઠામ, જાણો !
મન જીત્યું તેણે જગને જીત્યું ;
 મન છે સહુથી મહાન, જાણો ! મન૦

—જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)

## હેં પ્રભુ! (પ્રાર્થના ગીત)

હેં પ્રભુ! મુજ નયન વંદે તુજને વારંવાર,
સમજે મુજ દિલ–છે તું સૌનો તારણહાર.

વસંત થૈ પ્રસરે છે તું,
પુષ્પો મહીં હસે છે તું;
કસ્તુરી થઈ મહેંકે છે તું,
પારસ મહીં વસે છે તું;

ઠેર–ઠેર, અહીં-તહીં સર્વત્ર તુજના દ્વાર,
હેં પ્રભુ! મુજ નયન વંદે તુજને વારંવાર.
મંદિર મસ્જિદ સર્વ મહીં,
એક તુજ રહે બિરાજમાન;
ઈશ્વર અલ્લાહ અલગનામ,
કિંતુ એક–મેકની તુજ પિછાન.

કુરાન રામાયણ સર્વે ગ્રંથ અર્પે તુજ અણુસાર,
હેં પ્રભુ! મુજ નયન વંદે તુજને વારંવાર.

સોના–ચાંદી, હીરા–મોતી,
તુજ કને કદાપી ન માગું;
નિત–નિત પાંપણ પલકારે,
હરિવર ત્હારા દર્શન માગું.

'દિલસ્પર્શ' રચે ગીત ત્હારા અર્પી ભક્તિથાળ.
હેં પ્રભુ! મુજ નયન વંદે તુજને વારંવાર.

'દિલસ્પર્શ' મુલતાની



## મરજી મુજબ

જન્મ લેવો કોઇથી પણ ના બને મરજી મુજબ,
ને મરણ માગ્યું કદીએ ના મળે મરજી મુજબ.

આ ખલકના ખેલ સર્વે હાથ તેં રાખ્યા પ્રભુ,
એટલે તો પાન નાનું ના હલે મરજી મુજબ.

પંચતત્ત્વોની ઉપર પણ છે પ્રભુતા આપની,
ના ઠરે અગ્નિ કે વાયુ ના ફરે મરજી મુજબ.

રાત–દિવસ બહાર–ખિઝાં એ બધું તારા થકી,
પ્રકૃતિ નિજ રૂપ જૂજવાં ના ધરે મરજી મુજબ.

પાપ-પુણ્યોના હિસાબો સાફ તું રાખે છતાં—
માનવી કાં વ્યર્થ હિસાબો કરે મરજી મુજબ?!

—દેવેન્દ્ર વૈદ્ય

# દક્ષિણેશ્વરનાં દર્શને

ઈશ્વરભાઇ પરમાર્થી

કલકત્તાનાં મુખ્ય મુખ્ય સ્થળો એક દિવસમાં ફરી શકાય તેવી બસની વ્યવસ્થા અહીં મળી રહે છે. તેવી બસ અમે પણ કરી હતી. બીજે જ દિવસે તે બસ સમયસર આવી પહોંચતા અમે સહુ કલકત્તાનાં યાત્રાધામો જોવા નીકળી ગયાં હતાં. યાત્રાના પ્રથમ દિવસથી જ માએ સંકીર્તન તરફ સહુને વાળ્યા હતા. યાત્રાનો એક પણ દિવસ એવો નથી ગયો કે સંકીતન ન થયું હોય. અમારી પૂર્વ ભારતની યાત્રાનું પ્રમુખ લક્ષણ અથવા તો પ્રમુખ આકર્ષણ જો કોઇ હોય તો તે સંકીર્તન જ હતું. નાના મોટા સહુ કોઇ સંકીર્તનમાં મન મૂકીને ભાગ લેતાં હતાં.

પ્રત્યેક ગાડીમાં એક માર્ગદર્શકની સેવા પણ આપવામાં આવે છે. માર્ગદર્શક ઘણે ભાગે હિંદી જાણતો હોય છે. જો કે તે અંગ્રેજી પણ સારું જાણતો હોય છે. તેથી તે ઉતાવળે કલકત્તાના મુખ્ય બજારોનો પરિચય પણ ચાલુ ગાડીએ અંગ્રેજીમાં આપતો જતો હતો. તેને અમે કહી દીધેલું કે અમોને રામકૃષ્ણદેવનાં જેટલાં સ્થાનો છે તે જોવાનો જ રસ છે. અન્ય સ્થાનોની બાદબાકી કરી શકાશે, વળી અમારા સંકીર્તનની પણ તેને માહિતી આપવામાં આવી હતી. તે રસિયો જીવ હતો. એટલે તેણે સંકીર્તનને સ્વીકારી લીધું હતું. જેવો જોઇએ એવો માર્ગદર્શક અમને મળ્યો હતો તેથી અમે પરમાત્માની કૃપાનો આભાર માન્યો હતો.

વળી અમારી યાત્રાનું સમગ્ર શ્રેય શ્રી વિનોદભાઇ પટેલને ફાળે જાય છે. તેઓ ખાસ અમેરિકાથી સહકુટુંબ આવ્યા હતા. તેમના આગ્રહથી આ યાત્રાનું આયોજન પૂ. માએ



કર્યું હતું. તેઓ પોતે ઇજનેર છે અને ન્યૂયોર્કમાં નોકરી કરે છે. તેમની બે નાની બેબીઓ સંકીર્તનમાં ખાસ ભાગ લેતી હતી. દસેક વર્ષની ભૈરવી હશે અને આઠેક વર્ષની મનીષા હશે. તેઓ બન્ને નિયમિત અમેરિકામાં પ્રાર્થના કરે છે. દરરોજ યોગેશ્વર બાવની ને આરતી વ્યવસ્થિત રીતે ગાય છે. તે બન્ને છોકરીઓ પણ અમારી યાત્રાનું વિશેષ આકર્ષણ હતું.

તે બન્ને છોકરીઓ જ્યારે ધૂન ગવડાવતી ત્યારે વાતાવરણ ભક્તિમય બની જતું હતું. આ બસમાં પણ તેમની ધૂન મીઠી લાગતી હતી. આ રીતે અમારી ગાડી સંકીર્તનની હેલી મચાવતી કલકત્તાની ભરચક વસ્તીને ભેદતી લક્ષ્ય તરફ જઇ રહી હતી. કલકત્તાના સાંકડા રસ્તાઓ અને ગંદકીથી ખદબદતા કેટલાક લત્તાઓ કંટાળો ઉપજાવે તેવા હતા. જો કે કલકત્તા ભારતનું મોટામાં મોટું શહેર ગણાય છે. એક કરોડને બે લાખની વસ્તીવાળું શહેર આટલું બધું શંકડામણવાળું ને આટલું બધું ગંદુ હશે તેની કલ્પના અમે કરી ન હતી છતાં બંને છોકરીઓ ધૂન ગવડાવતી હતી એટલે અમે કલકત્તાની મર્યાદાઓને ભૂલી જતાં હતાં. અમારી બસ જેમ તેમ કરીને પોતાનો રસ્તો કાઢતી દક્ષિણેશ્વર તરફ જતી હતી ત્યારે કાશીપુરના બગીચાની વાત શાંતિભાઇ કનેરિયાએ યાદ કરી ને માર્ગદર્શકે એકદમ ગાડી થોભાવી દીધી હતી. કારણકે કાશીપુરનો બગીચો આવી ગયો હતો.

રામકૃષ્ણદેવને બીમારીની છેલ્લી હાલતમાં જે સ્થળે રાખવામાં આવ્યા હતા ને સ્થળને કાશીપુરનો બગીચો કહે છે. આજે કોઇ અહીં બગીચો જણાતો નથી પરંતુ એકાંત સ્થળ જરૂર લાગ્યું. મોટું કંપાઉન્ડ ને વચ્ચે વિશાળ બંગલો છે. તે બંગલામાં રામકૃષ્ણદેવને રાખવામાં આવ્યા હતા. તે

મકાન જૂના જમાનાની યાદ અપાવતું હતું. ગીચ વસ્તીનો ઘોંઘાટ જાણે કે શમી ગયો હોય તેવો અનુભવ કંપાઉંડમાં પ્રવેશતા જ થાય છે. રામકૃષ્ણ મિશનના હાથમાં આ મકાન આજે પણ સુવ્યવસ્થિત રીતે રહી શક્યું છે. તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી. એકદમ ચૂપચાપ યાત્રાળુઓ મકાનમાં પ્રવેશ્યા હતાં ને માળ પર ચાલ્યા ગયા હતા. માળ પર પૂ. મા ધ્યાનમાં બેસી ગયા હતા. તેમની સાથે અન્ય પણ કેટલાંક બેઠા હતાં. નીચેના ભાગમાં એક ઓરડાને શારદામણિદેવીના ઓરડા તરીકે પૂજવામાં આવે છે. બહાર વરંડામાં રામકૃષ્ણદેવના અનુયાયીઓના ફોટાઓ પણ સ્થળના મહિમાનું મૂક ગાન કરતા હતા. માર્ગદર્શકના કહ્યા પ્રમાણે કાલિમંદિર પણ સમયસર પહોંચવાની આવશ્યકતા હતી તેથી વિલંબ કર્યો વિના અમે સહુ ત્યાંથી રવાના થયાં હતાં.

અમે સમયસર દક્ષિણેશ્વર પહોંચી ગયા હતાં. ત્યાંનું ભવ્ય કાલિમંદિર અને રમણીય ગંગા કિનારા વિશે ઘણું બધું વાંચ્યું હતું. પ્રથમ કાલિમંદિરમાં દર્શન કરવાનો અમે પ્રયત્ન કર્યો હતો. રામકૃષ્ણદેવે જેની વીસ વર્ષ સુધી એકધારી પૂજા કરી હતી તે બડભાગી મૂર્તિનાં દર્શન કરવાની અમારી ઝંખના હતી. ભીડ પણ પુષ્કળ હતી. છતાં બને તેટલી નજીકથી અમે દર્શન કર્યાં હતાં ને માનસિક સમાધાન કર્યું હતું.

બહાર શિવાલયો પણ છે તેનાં પણ દર્શન કરી અમે જ્યાં રામકૃષ્ણદેવ નિવાસ કરતા હતા તે ઓરડામાં પહોંચી ગયા હતાં. ત્યાં અનેક શ્રદ્ધાળુઓ બેસીને જાપ કરતા જણાયા હતા. કેટલાંક ધ્યાનમાં મગ્ન બની ગયા હતા.

અમારામાંથી પૂ. મા પણ ધ્યાનસ્થ થઇ ગયેલાં હતાં. બીજા બધાં અમે બહાર નીકળી શારદામણિ દેવીના નિવાસસ્થાને ગયા હતાં તે નિવાસસ્થાન અતિશય નાનું હતું. કેમ કરીને ત્યાં શારદામણિદેવી રહ્યાં હશે તે કલ્પના કરવી મુશ્કેલ છે. કારણ કે તે જમાનામાં તો અહીં જંગલ જેવું હશે. પાસે વસ્તી નહીં ને માત્ર ઝાડી હોય તો મરદને પણ બીક લાગે તો સ્ત્રીની તો વાત જ શી કરવી ?



આજે તો ગીરદીનો કોઇ પાર નથી. ગંગાઘાટે પગથિયાં ઉતરીને અમે હાથપગ મ્હોં ધોઈ સ્નાન કર્યાનો સંતોષ અનુભવ્યો હતો. બાકી ગંગાસ્નાનનો મહિમા અહીં ઘણોજ હતો. ગંગાઘાટની નજીકમાં ઝાડની ફરતો ચોરો બાંધેલો જોઇ અમે ત્યાં ગયાં હતા તે જગ્યા તો ઘણી જ પાવન જગ્યા હતી. પરંતુ આજે વધારે પડતી લોકોની અવર-જવરને કારણે ગંદી બની જવા પામી છે. તે આપણા દેશની કરુણતા છે. આ જગ્યાએ તો ગુરુ તોતાપુરીએ ધૂણી ધપાવી તે જમાનામાં ધામો નાંખ્યો હતો ત્યારે તો આ સ્થળ જંગલ તરીકે ગણાતું હતું. તોતાપુરી જ્ઞાનીપુરુષ હતા. રામકૃષ્ણદેવ ભક્ત પુરુષ હતા. બંનેમાં એકમેકની ખૂટતી કડી પૂરવા જાણે કે પરમાત્માએ બંનેનું અપૂર્વ મિલન કરાવ્યું હતું. તે સ્થળના દર્શન કરીને અનુપમ પ્રસંગની યાદમાં મન નિમગ્ન બની ગયું હતું.

આ સ્થળે તો પૂજ્ય શ્રી પણ આવ્યા હતા ને રહ્યા હતા. તેમની અપૂર્વ ભક્તિને કારણે સાક્ષાત્ જગદંબા મહાત્માજીની સેવા કરતા અહીં પ્રગટ થયા હતા. તે ‘ પ્રકાશના પંથે ’ નો પ્રસંગ માનસપટ પર તાદૃશ થયો હતો. જગદંબાના તે અનુપમ સ્વરૂપનું વર્ણન તે પ્રકરણમાં મહાત્માજીએ કર્યું જ છે. અમને પણ તેવા કોઈ સ્વરૂપનું દર્શન થઇ જાય તો કેવી મઝા પડે એમ મન વિચારતું હતું. જોકે અમારી લાયકાત તો હતી જ નહીં. છતા પૂ. મા હતાં એટલે કદાચ પરમાત્મા

કૃપા કરી દે તેવી સંભાવના લાગતી હતી.

એકવારનાં દર્શનથી અમને તૃપ્તિ થઈ નહોતી એટલે અમે બીજીવાર પણ અહીં આવ્યા હતાં. બીજીવાર આવ્યા ત્યારે પરમાત્માએ થોડી કૃપા કરી હોય તેવો અનુભવ જરૂર થયો હતો. તે સ્વરૂપનાં દર્શનનો પ્રસંગ નહોતો. પરંતુ રામકૃષ્ણદેવના એક અનન્ય ભકતની મુલાકાતનો પ્રસંગ હતો. તેઓ મધ્યમ કદના અને સફેદ વસ્ત્રોમાં સજ્જ હતા. પહેરવેશ શુદ્ધ બંગાળી હતો. શરીરનો રંગ ઘઉંવર્ણો હતો. તેમને અંગ્રેજી પણ સારી રીતે આવડતું હતું. તેઓ એક સ્થિતિપાત્ર વેપારી હતા. પરંતુ આ સ્થળે ચાર-પાંચ કલાક રોજ આવીને ભજન કર્યા વિના તેમને ચેન પડતું ન હતું. તેમની રગેરગમાં રામકૃષ્ણદેવ માટે અપૂર્વ પ્રેમ ઉભરાતો હતો. તેમની વાણીમાં આત્મબળનું ઓજસ હતું. ગમે તેવા માણસને ભક્તિથી ભીંજવી નાંખે તેવી તેમની ગાવાની ઢબ હતી. લગભગ અરધોકલાક સુધી તેમના સંગમાં બેસીને અમે સત્સંગની મઝા માણી હતી. અચાનક મેઘરાજાએ મહેર કરીને અમને અમારી બસમાં જવાની ફરજ પાડી હતી. અમે ત્યાંથી બેલૂર મઠ જોવા માટે રવાના થયા હતા.

ગંગાજીને એક કિનારે દક્ષિણેશ્વર છે તો બીજે કિનારે બેલૂર મઠ છે. હોડીમાં બેસીને પણ સામે જઈ શકાય છે પરંતુ અમારું સાધન અલગ હોવાથી ફરી ફરીને અમે બેલૂર મઠ પહોંચ્યા હતા. એ બહાને કલકત્તા શહેરનાં અન્ય વિસ્તારો જોવા મળ્યા હતાં.

બેલૂર મઠનું નિર્માણ સ્વામી વિવેકાનંદજીને હાથે થયું હતું. મકાનની રચના ભવ્ય છે. જગતના સર્વ-ધર્મની નિશાનીઓ કલાત્મક રીતે વણી લેવામાં આવી છે. અંદર તો એક વિશાળ હોલ જ છે. એક છેડા પર રામકૃષ્ણદેવની પ્રતિમા



છે કે જ્યાં નિયમિત પૂજાવિધિ કરવામાં આવે છે. ત્યાં દર્શન કરી લોકો ધ્યાન કરવા હોલનો ઉપયોગ કરે છે. અમે લોકોએ પણ તે રીતે દર્શન કર્યા હતાં. ને ધ્યાનમાં બેસી આનંદ માણ્યો હતો. ત્યાર પછી બહાર નીકળી અમે વિવેકાનંદજીના અંતિમ દિવસો જે મકાનમાં પસાર થયા હતા ત્યાં ગયા હતા. મકાનમાં પલંગ, ચાદર, કપડાં ને પાવડી સંઘરવામાં આવ્યા છે. તે જોઇને મને નેવું વર્ષ પહેલાનો જમાનો યાદ આવ્યો હતો. કહેવાય છે કે વિવેકાનંદને બદ્રીકેદારમાં ભગવાન શંકરની આશિષ પ્રાપ્ત થઇ હતી. ભગવાન શંકરે કહેલું કે જે ઘડીએ એને એના સ્વરૂપનું ભાન થશે તે ઘડીએ તે દેહ છોડી દેશે. આજ મકાનમાં આ બંને મહાવાણીઓ ફળી હતી. સ્વરૂપનો સાક્ષાત્કાર થતાં તેમણે દેહ છોડી દીધો હતો એટલું જ નહીં પણ તેમણે પોતાની ઈચ્છા મુજબ દેહ છોડી જગતની વિદાય લીધી હતી તે બન્ને હકીકતોના સાક્ષી સ્વરૂપે આ મકાન ગંગાઘાટે અમને ભારતના ભવ્ય ભૂતકાળની અમર ગાથા કહી રહ્યું હતું.

બેલૂર મઠથી અમે બલરામવાટી જવા નીકળી ચૂક્યાં ત્યારે સાંજ પડવાની તૈયારી હતી. રસ્તામાં ગીરીશ ઘોષનું ઘર આવ્યું ત્યાં અમે દર્શન માટે નીચે ઉતરી પડ્યાં હતાં. આ મકાન ભૂતકાળમાં વિશાળ હોવું જોઈએ એમ લાગ્યું. આજે તો રસ્તામાં તેનો ઘણો ખરો ભાગ કપાઈ ગયો હતો. છતાં ત્યાં પુસ્તકાલય જેવું હતું. આ મકાનમાં રામકૃષ્ણદેવ અનેકવાર આવીને રહેતા હતા. ગીરીશ ઘોષે રામકૃષ્ણદેવની ઘણી સેવા કરી હતી તેની યાદ અપાવે તેવા ફોટાઓ પણ ત્યાં હતા.

ત્યાંથી નજીક જ બલરામવાટીનું સ્થાન હતું. ત્યાં પગેચાલીને ગયાં હતાં. મિશનના વ્યવસ્થાપક ત્યાં હાજર હતા.

તેમણે જાતે અમોને પુરાણી કથની કહેતાં કહેતાં મકાન બતાવ્યું હતું. તેઓ જો કે વૃદ્ધ હતા. તેમની સાથે વાર્તાલાપ થતાં માલૂમ પડ્યું હતું કે આ મકાનમાં શારદામણિદેવી આવીને રહેતાં હતાં ત્યારે તેઓ દસેક વર્ષની ઉંમરના હતા. તેઓ નિયમિત શારદામણિ દેવી પાસે આવીને બેસતા ને શારદામણિદેવી તેમને પ્રસાદ આપતાં તે પ્રસંગો કહેતાં તેમની સુખાકૃતિ અપૂર્વ આનંદથી ઝગમગી ઉઠી હતી. મેં તેમને પૂ. મા સર્વેશ્વરીનો પરિચય આપ્યો હતો. પૂ. માની તપશ્ચર્યાનો ઈતિહાસ સાંભળી તેઓ પૂ. માને પગે લાગ્યા હતા તે દશ્ય કેવી રીતે ભૂલી શકાય? તે દિવસે મા ના ઉપવાસના ૪૮૭ દિવસ પૂર્ણ થયા હતા. તેમના શરીર પર થાક કે કંટાળો જણાતા ન હતા. તેમની સુખાકૃતિ પર તાજગી હતી. એક પ્રકારનું ઓજસ હતું. કોઈ પણ પ્રકારનો ખોરાક નહીં, કોઇ પણ પ્રકારનું ફળ નહીં. કહી દૂધ પણ નહીં, માત્ર એક ગ્લાસ પાણી ચોવીસ કલાકમાં એક જ વાર ગ્રહણ કરનાર પવિત્ર આત્માનાં દર્શન કરી તે વયોવૃદ્ધ મહાત્માએ ધન્યતાની લાગણી અનુભવી હતી તેના અમે સાક્ષી બન્યા હતા.

શ્રી યોગેશ્વર કૃપા.

સંદિપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે—સુરત.



# લક્ષ્મીનારાયણના મંદિરમાં

લે : શ્રી ઇશ્વરભાઇ પરમાર્થી

વ્યારાથી બેઠા પછી લગભગ છત્રીસ કલાકે અમે હાવરા સ્ટેશને પહોંચી ગયાં હતાં. વચમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા ને પશ્ચિમ બંગાળ—આટલાં રાજ્યોમાંથી અમે પસાર થયા કહેવાય. અમે નીકળ્યા ત્યારે ગુજરાતમાં મેઘરાજાની કૃપા થઇ ન હતી. પરંતુ રસ્તે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ ને ઓરિસ્સામાં સારા પ્રમાણમાં વરસાદની મહેર દેખાતી હતી. પશ્ચિમ બંગાળમાં તો નદીઓમાં મોટી રેલના દર્શન થતાં હતાં. અમે હાવરા સ્ટેશને પહોંચ્યા ત્યારે તો મેઘરાજાની અમૃત ધારા વરસતી જ હતી. અમારામાંથી ભાગ્યે જ કોઈ છત્રી લાવ્યું હતું અને પવન સાથે વરસતા વરસાદમાં છત્રીની પણ શી ઉગર?

પરંતુ ચમત્કાર થયો હોય એમ જેવા બહાર નીકળ્યાં તેવો જ વરસાદ થંભી ગયો હતો. મેઘરાજાએ અમારૂં માન જાળવ્યું હોય તેમ લાગ્યું. પરંતુ આકાશમાં ઉપર નજર ગઇ તો કાળું ડીંબ વાદળ હતું. સોયની અણી લાગે તો હમણા જ વાદળ કાણું થઈ જાય ને મુશળધાર વરસાદ વરસી પડે. એવું વાતાવરણ થયેલું હતું. પૂ. માએ કહ્યું કે પોતપોતાના સામાન પાસે બધાં લાઇનમાં ઊભા રહે તેવી ગોઠવણી કરો. વરસાદથી ડરો નહીં. હમણાં મેઘરાજાને આપણે સૂચન કરીશું કે ખમા કરજો. માની આજ્ઞા પ્રમાણે બધાં વ્યવસ્થિત ગોઠવાઇ ગયાં હતાં. શ્રી જીતુભાઇ ગાંધીએ પૂ. મા ને માટે અગાઉથી જ અલગ ગાડીની વ્યવસ્થા કીધી હતી. માએ

તેમાં મુકામ કર્યો અને અમારે માટે ખુલ્લો ટેમ્પો કરવાનો નિર્ણય કર્યો કારણ કે અમારી સાથે સામાન વધારે હતો. એકી સાથે સામાન પણ ચાલ્યો જાય તે માટે ટેમ્પો વધારે અનુકૂળ હતો. નજીકમાંથી જ ટેમ્પો મળી ગયો એટલે અમે બધાં પોતપોતાનાં સામાન વ્યવસ્થિત ગોઠવાઇ ગયાં હતાં. માની આજ્ઞા હતી કે ભજન કિર્તન સાથે પ્રવાસ કરજો. અમે બધાંયે સદ્‌ગુરુ દેવની તેમ જ ગંગામૈયાની જય બોલાવી એટલે ટેમ્પાવાળાએ ટેમ્પાને ચાલુ કરવા પ્રયત્ન કર્યો હતો. યોગેશ્વર બાવનીના પાઠ સાથે અમારૂં વાહન કલકતાનાં પ્રખ્યાત હાવરાનો પુલ ઓળંગી મુકામ તરફ ગતિ કરી રહ્યું હતું. વચમાં વચમાં કલકતાનો સારામાં સારો વિભાગ પણ જોવા મળ્યો હતો. ત્યાં દેશનેતાઓનાં ભવ્ય પૂતળાઓનાં દર્શન પણ થતાં હતાં. ભજનનો ગુંજારવ પોલિસને લીલી ઝંડી ફરકાવતો હોય તેમ વિના અટક્યે અમારી ગાડી દોડી રહી હતી. લગભગ પચ્ચીસેક મિનિટ થઇ હશે ને અમારો ટેમ્પો લક્ષ્મીનારાયણ મંદિરના કપાઉન્ડમાં આગળ આવીને ઊભો રહ્યો હતો.

અમે સહુ "મા સર્વેશ્વરીની જય" બોલાવતા નીચે ઉતરી પડ્યાં હતાં. અમે પોતપોતાનો સામાન લઇ મંદિરમાં પ્રવેશ કર્યો હતો. મંદિર પ્રથમ દેખાવે જ સુંદર લાગ્યું હતું. બાંધકામ નવીન જણાતું હતું. સ્વચ્છતા નજરે ચઢતી હતી. સ્વચ્છતા સુંદરતાને રમણીયતા મંદિરનાં આવશ્યક લક્ષણો છે. ગીચ વસ્તીને કારણે અને સરકારની ઉદાસીનતાને કારણે ભારતભરનાં ઘણાં ખરાં મંદિરોમાં આ લક્ષણો જણાતા નથી હોતાં. પરંતુ અહીં તો એ લક્ષણો સ્પષ્ટ પ્રતીત થતાં હતાં. મંદિર ત્રણ અક્ષરોનો બનેલો શબ્દ છે. દરેક અક્ષર એક એક આવશ્યક લક્ષણનું પ્રતીક છે. પ્રથમ અક્ષર



મંગલતાનું સૂચન કરે છે. બીજો અક્ષર દિવ્યતાનો સૂચક ગણાય છે ને ત્રીજો અક્ષર રમણીયતાનો નિર્દેશ કરે છે. મંદિરના વાતાવરણમાં જાણે કે આ ત્રણેય લક્ષણો વ્યાપક બનીને અમારૂં સ્વાગત કરતાં હતાં. અમે બધાએ પ્રથમ તો ભગવાન લક્ષ્મીનારાયણનાં સારી રીતે દર્શન કર્યાં હતાં. ઓફિસમાંથી જાણવા મળ્યું હતું કે આ મંદિર તો કલકત્તાના ગુજરાતી સમાજનું સાંસ્કૃતિક કેન્દ્ર પણ છે. અહીં સાંસ્કૃતિને ધાર્મિક પ્રવૃત્તિઓ અવાર-નવાર ચાલ્યા જ કરે છે.

આ મંદિરમાં રહેવાની વ્યવસ્થા માટે બાજુમાં જ ભવ્ય મકાન બાંધવામાં આવ્યું છે. ઓછા દરે લોકો સારી રીતે રહી શકે તેવી નીતિ વ્યવસ્થાપકોની જણાતી હતી. એક રૂમમાં વધારેમાં વધારે ત્રણ માણસો રહી શકે તેવી વ્યવસ્થા હતી. વધારે માણસો હોય તો મોટો હોલ આપી દેવામાં આવે છે, જેમાં પાણી બાથરૂમની અલગ વ્યવસ્થા રાખી હોય છે. એક માણસનાં ભાગે વધારેમાં વધારે રોજના માત્ર પંદર રૂપિયા આવે તો પણ સગવડના પ્રમાણમાં સસ્તું ગણાય. અને બધાંયે ત્રીજે માળે પોતપોતાની સગવડતા પ્રમાણે નિવાસ પસંદ કરી લીધો હતો. ત્યાર પછી જ મેઘરાજાએ મન મૂકીને વરસવાનો પ્રારંભ કર્યો હતો. પૂ. માના સૂચન પ્રમાણે મેઘરાજાએ અમને ઉત્તમ પ્રકારની સગવડતા બક્ષી હતી. પરમાત્માની એવી અસીમકૃપાનો આસ્વાદ અમારી મંડળીએ ભગવાન લક્ષ્મીનારાયણની ગોદમાં ઘણાં દિવસો સુધી માણ્યો હતો.

નાહી-ધોઇ થોડો આરામ કરી અમે એકમેકની મુલાકાત લેવા પ્રયત્ન કર્યો હતો. લટાર મારતાં જણાયું કે હોલમાં મુકામ કરનાર કાંઈક એકત્રિત થઈ જાણે કે અમારી જ રાહ જોતા બેઠાં હતાં. તેમાં યુવકો સહુનું ધ્યાન ખેંચતા હતા.

અમારી સાથે બે વિજયભાઇ હતા. એકને અમે પંડિતજી કહેતા હતા ને બીજાને અમે બાપજી કહેતા હતા. પંડિતજી વડોદરાના નિવાસી હતા ને બાપજી પાલનપુરના. બંને પૂ. માના પરમ ભક્ત હતા. બીજા બે યુવકોમાં એક તો શ્રી જીતુભાઈ ગાંધીનો સુપુત્ર જેનું નામ ભરત હતું. ભરત તો પૂ. માની સેવામાં રાતદિન ખડે પગે રહેતો હતો. શ્રી ગોવર્ધનભાઇ કલોલાનો સુપુત્ર ચિ. અજય આખી મંડળીની સેવા કરવા કાયમ તત્પર રહેતો. પંડિતજી અને બાપજીએ તો પૂ. મા સાથે ગંગાયાત્રા પણ કરેલી. તે યાત્રાના સંસ્મરણો તેમની પાસેથી અવાર-નવાર સાંભળવાના મળતા હતા. "દિલા દે ભીખ દર્શનકી" એ બ્રહ્માનંદનું ભજન તેઓ કાયમ ગવડાવતા હતા એટલું જ નહીં પણ પંડિતજીતો ભાવપૂર્વક ભજનોની રચના પણ કરતા હતા. આ ચારે યુવકો અમારા સંઘનું ભૂષણ હતા.

અમે બીજી આલતુ ફાલતુ વાતો કરીએ તે પહેલાં તો મા પોતે જ ત્યાં આવી લાગ્યાં હતાં. એટલે સ્વાભાવિક રીતે ભક્તવૃંદ માની ફરતે ફેરવાઇ ગયું હતું. પ્રણામાદિ શિષ્ટાચારની વિધિ પતાવી. બધા મા કાંઈક કહેશે તેની રાહ જોતાં ઉભાં હતાં.

પૂ. મા એ હવે પછીના યાત્રાના કાર્યક્રમની ઝાંખી આપતા કહ્યું કે આજનો આરામનો દિવસ પૂર્ણ કરી આપણે આવતી કાલે સવારે દક્ષિણેશ્વર બેલૂર મઠ આદિ સ્થળોએ જઇશું. ત્યાર પછી બીજે દિવસે કામારપુકુર ને જયરામવાટીની યાત્રા કરીશું. મહાત્માજીની તો આજ્ઞા છે કે આપણે બધાંયે જયરામવાટીમાં રાત્રી રોકાણ કરવું. ત્યાંથી અહીં આવીને એકાદ દિવસ ફરીથી આરામ કરી ભગવાન જગન્નાથનાં દર્શને જઈશું. ત્યાં ત્રણ દિવસ રોકાવા માટે મહાત્માજીએ સૂચવ્યું



છે. એકાદ દિવસ ત્યાંથી સો-દોઢસો માઈલના આસપાસના પ્રદેશો પણ જોવાનો લાભ લઇશું. ત્યાંથી વળી પાછા ભગવાન લક્ષ્મીનારાયણનાં શરણે આવીશું. એકાદ દિવસ આરામ કરીશું ને ગુજરાત તરફ રવાના થઇશું. આ રીતે સમગ્ર કાર્યક્રમ જે મહાત્માજીની પ્રેરણાથી તૈયાર થયો હતો તેનો ટૂંકમાં ખ્યાલ આપી પૂ. મા એ પોતાના ઓરડા તરફ પ્રયાણ કર્યું હતું.

અમારી યાત્રાનું સંચાલન સૂક્ષ્મ રીતે મહાત્માજી કરી રહ્યા હતા. તેનો સહુને ખ્યાલ આવ્યો હતો. સૂક્ષ્મ સ્વરૂપમાં રહીને સ્થૂળ સ્વરૂપ કરતાં વધારે કાર્યો કરી શકાય છે તેની સમજ ગંગોત્રીમાં પૂજ્યશ્રીએ અમને અવાર-નવાર આપી હતી તેની યાદ મનમાં ચમકી ગઈ. મને અમેરિકામાં તો એટલે સુધી કહેલું કે જીવને ઉત્ક્રાંતિ માટે સંતો જેટલા સહાયરૂપ છે તેટલું આ જગતમાં કોઇ નથી. પૂ. માની તપશ્ચર્યા ધ્યાનપૂર્વક જોનારને તથા તેમનાં વાણી-વર્તન પર ઝીણવટભરી તપાસ કરનારને મહાત્માજી સૂક્ષ્મ શરીર દ્વારા કામ કરી રહ્યા છે કે નહીં તેની અવશ્ય પ્રતીતિ થશે. બાકી સંતો ક્યારે, કેવી રીતે ને ક્યાં પોતાની અગમ્ય શક્તિનો પરચો બતાવે છે તેનો ભૌતિકવાદીને એકદમ ખ્યાલ આવી શકશે નહીં. સંતોની કાર્ય કરવાની ગૂઢ નીતિ-રીતિનો પરિચય કરવા માટે જે રીતે સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાણુને જોવા માટે વૈજ્ઞાનિક તેને અનુરૂપ એવા યંત્રની સહાય લેવી પડે છે તે રીતે મનુષ્યે દૃષ્ટિને દિવ્ય બનાવવી જ પડે છે. દૃષ્ટિને દિવ્ય બનાવવા માટે સાધનાને તપશ્ચર્યા અનિવાર્ય છે જ. શ્રદ્ધા-ભક્તિ ન હોય તો સાધના કોઇ કરી શકે ખરું ? પૂર્વ ભારતની અમારી આ યાત્રા દ્વારા અમને આ બધી ગૂઢ વાતો સમજવાની તક મળી હતી તેનો એકરાર કર્યો

વિના ચાલે તેમ નથી.

મોડી સાંજે શ્રી હરિશભાઇ કોન્ટ્રાકટર સાથે ગંગાયાત્રાની થોડી વાતો થઈ હતી. તેમની વૃદ્ધ માતાજીનો પ્રસંગ ખરેખર સાંભળવા જેવો છે. દોઢેક મહિના પહેલાની જ આ વાત હતી. પૂ. મા સાથે તેમના વૃદ્ધ માતાજીને ગંગાયાત્રા કરવાનો અનેરો લહાવો મળ્યો હતો. જો કે માતાજીની ઉંમર પંચોતેરથી તો વધારે હશે જ. છતાં એક દિવસ પૂ. માએ હરદ્વારથી ચંડીદેવીના દર્શને જવાનો કાર્યક્રમ ગોઠવ્યો ત્યારે તેમની આંતરિક શક્તિની કસોટી થઈ ગઈ હતી. સાત આઠ માઈલ દૂર અને પહાડી માર્ગની ચઢઊતર ન થઈ શકે એવું તેમને લાગવાથી પૂ. માને તેમણે પોતે યાત્રામાં ન જોડાઇ શકશે તેમ કહી દીધું હતું પરંતુ મા તે મા. તેમણે વૃદ્ધ માતાને ભારપૂર્વક કહેલું કે તમારે તો આવવાનું જ છે. તમારા માટે તો આ કાર્યક્રમ ગોઠવ્યો છે. તમને કશું નહીં થાય. તમે આવશો તો ચંડીદેવી ખૂબ પ્રસન્ન થશે. તે જ તમને શક્તિ પૂરી પાડશે. ચાલો હિંમત રાખો. માની આજ્ઞાનું ઉલ્લંઘન કોણ કરે? વૃદ્ધ માતાજી હિંમત કરીને નીકળી પડ્યાં હતાં. ડુંગરો ચઢતાં તેમને થાક લાગ્યો જ નહિ. બીજાં બધાં કરતાં તેઓ વહેલાં પહોંચી ગયાં હતાં. ડુંગરાળ રસ્તાઓને કાપતા ફરી તેઓ હરદ્વારના મુકામે સહીસલામત આવી પહોંચ્યા હતા. જે તાજગી અને સ્ફૂર્તિ વૃદ્ધાએ અનુભવ્યા તે કોની કૃપાથી? પૂ. મા ધારે તેને શક્તિવંત બનાવી શકે છે. તેની પ્રતીતિ શું આ પ્રસંગથી ન થાય?

પૂ. માની યાદમાં ને યાદમાં રાત્રે અગિયાર વાગી ગયા તેની ખબર પડી નહિ. બધા જ નિદ્રાધીન થઇ ગયાં હતાં.



મને ઉંઘ આવતી ન હતી. મને મહાત્માજી કપુરા આવ્યા હતા તે પ્રસંગો યાદ આવવા લાગ્યા હતા. પ્રથમ આવ્યા હતા ત્યારે તેમણે કહેલું કે જેમ મને તમે બધાં પગે લાગો છો તેમ તમે બધાં ભવિષ્યમાં 'મા સર્વેશ્વરી'ને લાગશો. તેમનાં થકી અનેક જીવોનું કલ્યાણ થશે. પૂ. માના જગદંબા સ્વરૂપનું વિકસિત સ્વરૂપ ભગવાન લક્ષ્મીનારાયણની ગોદમાં મને દેખાવા લાગ્યું. આ સ્થળની મંગલતા ને દિવ્યતાનો આ રીતે મને સૂક્ષ્મ પરિચય થયો તેની જાહેરાત કરતાં આનંદ અનુભવું છું.

સોડ તમારી પામ્યા તેનું કિસ્મત છેક ફર્યું,
મંગલ મીઠું નામ તમારું સૂણતાં હૈયું ઠર્યું.

*

ખીલે જેવું ફૂલ, અંતર એમ જ થાવ પ્રફુલ્લ.
શમવો સૌની શૂળ, બનો એ શાંતિસુખતણું મૂળ.
ધામ બનો રસનું તેમજ હો તેજથકી ભરપૂર.
સુંદરતાનો સાજ સજી હો સત્યમહીં ચકચૂર.
રેલો નિશદિન નૂર, બનો એ શાંતિસુખતણું મૂળ.

*

અંધાર છે સર્વસ્થળે છવાયા, છે વેદનાથી નયનો ઘવાયાં,
પ્રકાશનાં ના કિરણો જણાયે, મુશ્કેલ ને માર્ગ બધોય થાયે.
અંધારામાં તેજ નિહાળવાને, પ્રભો મને અંતરઆંખડી દે !

# મોક્ષ

— દારા જ. ભેસાનીયા

મોક્ષ એટલે મુક્તિ. વ્યક્તિને બંધન ગમતું નથી. તે દરેક બાજુએથી મુક્ત બનવા ઝંખે છે. મુક્તિ એ વ્યક્તિનો પ્રાકૃતિક ગુણ છે.

આધ્યાત્મિક ક્ષેત્રમાં મોક્ષ શબ્દ, "જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ" એ સંદર્ભમાં વપરાયો છે. વેદાંત દર્શનમાં સાધન ચતુષ્ટયમાં "મોક્ષ માટેની તીવ્ર ઝંખના" ને સ્થાન આપવામાં આવ્યું છે. શાસ્ત્રમાં મુક્તિના બે પ્રકાર દર્શાવ્યા છે. એક છે ક્રમ મુક્તિ અને બીજી સદ્યોમુક્તિ. ક્રમમુક્તિ એટલે આધ્યાત્મિક સાધના દ્વારા દરેક જન્મમાં આંશિક મુક્તિ મળે તે. સદ્યોમુક્તિ એટલે ક્રમમુક્તિ દ્વારા આગળ વધેલો સાધક ઘણાં જન્મો પછી પૂર્ણતા પ્રાપ્ત કરી મુક્તિ મેળવે તે.

નાનો સરખો મુક્તિ શબ્દ ઘણું સમજાવે છે. આત્મા જ્યારે શારીરિક અને માનસિક સર્વ બંધનોમાંથી મુક્ત થાય ત્યારે મોક્ષ થયો ગણાય શારીરિક અને માનસિક બંધનો કયાં ? ટાઢ-તાપ, ભૂખ-તરસ, નિદ્રા-જાગૃતિ આ બધી શારીરિક ઉર્મિઓ છે અને તે જ શારીરિક બંધનો છે. કામ-ક્રોધાદિ ષડ રિપુઓ માનસિક બંધનો છે. મોક્ષ એટલે આ બધાં બંધનોમાંથી કાયમી મુક્તિ. અહિં સ્મરણીય વાત એ છે કે સાધકનું શરીર એવું બની જવું જોઇએ કે ગમે તેવી સખત ઠંડી કે ગરમી હોય છતાં તે શરીરને ઉની આંચ ન આવે. તે જ રીતે સાધક ભૂખ-તરસના દુઃખથી પણ મુક્ત બને, અર્થાત્ ઘણા લાંબા કાળ સુધી તેનું શરીર આહાર વિના



પણ અસ્તિત્વમાન રહે. વળી તે સાધકનો નિદ્રાભાવ પણ લુપ્ત થઇ જાય તે સાધકને નિદ્રા કે જાગૃતિ જેવું કાંઈ ન હોય. તે સતત તૂર્યાવસ્થામાં જ રહે. યોગની ભાષામાં કહીએ તો આ સવિકલ્પ સમાધિની સિદ્ધિની નિશાની છે. જ્યાં સુધી ધ્યાનમાં બેસવું તથા વ્યુત્થાન (ધ્યાનમાંથી બહાર આવવું) આવા બે વિકલ્પો છે ત્યાં સુધી સવિકલ્પ સમાધિ છે. નિર્વિકલ્પ સમાધિમાં વ્યુત્થાન જેવું કાંઇ હોતું નથી. ત્યાં તૂર્યાવસ્થા જ હોય છે. જો કે આશ્ચર્યકારક વાત એ છે કે યોગી આ તૂર્યાવસ્થામાં હોવા છતાં તે હાલે ચાલે છે, બોલે છે, ખાય-પીએ છે (આહારની તેના શરીરને જરૂર નથી હોતી છતાં ભકતોના આગ્રહને કારણે ભોજન કરતો હોય) છતાં તેની સમાધિ નથી ઉતરતી. આ નિર્વિકલ્પ સમાધિની અવસ્થા છે. ભગવાન બુદ્ધ જેવા ધર્માચાર્યોએ આ સમયગાળા દરમ્યાન જ ધર્મનો પ્રસાર-પ્રચાર કે પરિમાર્જન કર્યું હતું.

યોગીનો નિદ્રાભાવ સદાને માટે લુપ્ત થઇ જાય છે. આ રહસ્ય ગીતામાં સમજાવ્યું છે :—

या निशा सर्व भूतानाम् तस्यां जाग्रति संयमी।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः॥
(ગીતા ૨ : ૬૯)

અર્થાત્ "રાત્રે બધા પ્રાણીઓ નિદ્રાધિન થાય છે ત્યારે સંયમી (યોગી) જાગે છે અને જ્યારે બધા પ્રાણીઓ જાગે છે તે નિદ્રાધિન જણાય છે." અહિં 'નિદ્રાધિન જણાય છે' એનો અર્થ એ છે કે જેનો નિદ્રાભાવ લુપ્ત થઈ ગયો છે તેવો યોગી સમાધિ અવસ્થામાં સતત રાતદિવસ રહે છે, પરંતુ દિવસે પણ આંખો બંધ કરી બેઠેલો યોગી લોકોને નિદ્રાધિન ભાસે છે.

શ્રીમદ્ ભાગવતમાં કેટલીક યોગ સિદ્ધિઓ દર્શાવવામાં આવી છે તેમાંની એક સિદ્ધિ તે "અણુઉર્મિમત્વ". ટાઢ-તાપ, ભુખ-તરસ, નિદ્રા વગેરે ઉર્મિઓને જે યોગીએ સિદ્ધ કરી છે તે અણુઉર્મિમત્વ સિદ્ધિ. જે યોગીએ આ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તે શારીરિક બંધનમાંથી મુક્તિ (મોક્ષ) પામ્યો ગણાય. આ કક્ષા પ્રાપ્ત કરનાર યોગીનું મૃત્યુ થાય તો તેને ક્રમમુક્તિનો અધિકારી ગણાય, અને બીજા જન્મે તેની સાધના આ કક્ષાથી આગળ વધે. માનસિક બંધનો (ષડ્‌રિપુ) માંથી કાયમી મુક્તિ નિર્વિકલ્પ સમાધિમાં મળે છે.

મોક્ષ (સદ્યોમુક્તિ) પામેલી વ્યક્તિની કોઇ બાહ્ય નિશાની ખરી ?

હા, મોક્ષ પામેલી વ્યક્તિનું શારીરિક મૃત્યુ નથી હોતું. મૃત્યુ પણ એક બંધન છે. મૃત્યુ મુક્તિ નથી. શાસ્ત્રો કહે છે કે જો વ્યક્તિનું મૃત્યુ થાય તો તેનો જન્મ પણ અનિવાર્ય રીતે થાય. જો ફરી જન્મ થયો તો સદ્યોમુક્તિ (પૂર્ણ મોક્ષ) મળી ન ગણાય. કબિર સાહેબ પણ કહે છે કે मुअे-को क्या મોક્ષ ? મર્યો તેને મોક્ષ કેવો ? તેનો તો પુનર્જન્મ થવાનો. ગીતામાં પણ ભગવાન કહે છે કે જે મરે છે તેનો જન્મ નિશ્ચિત છે.

અહિ પ્રશ્ન થઇ શકે કે આ પંચભૂતાત્મક દેહ તો નાશવંત છે. તે અમર કેવી રીતે થઇ શકે ? હકીકતમાં પંચભૂતાત્મક દેહ અમર નથી બની શકતો. આ દેહને યોગાગ્નિ દ્વારા દિવ્ય દેહ બનાવવો પડે છે. અર્થાત્ પંચમહાભૂતોને મહતત્ત્વમાં રૂપાંતર કરવાં પડે છે. પંચતત્ત્વોનો લય મહતત્ત્વમાં થાય તે જ શક્તિ તત્ત્વમય દિવ્ય દેહ. શ્વેતાશ્વતર ઉપનિષદમાં આ દિવ્ય શરીર વિષે કહ્યું છે :



न तस्य रोग न जरा न मृत्यु: ।
प्राप्तस्य योगाग्निमयं शरीरम् ॥
(શ્વેતા. ૨ : ૧૨)

અર્થાત્ "જેણે યોગાગ્નિમય શરીરની પ્રાપ્તિ કરી હોય તેને રોગ, વૃદ્ધાવસ્થા કે મૃત્યુ હોતાં નથી. આજ શરીર વિષે પતંજલી મુનિ પતંજલ યોગસૂત્રમાં કહે છે :–

रुप लावण्य बल वज्र सहन न त्वानि कायसम्पत् ॥ (૩ : ૪૬)
અર્થાત્, "રૂપ, લાવણ્ય અને બળયુક્ત 'વજ્ર સમાન દેહની પ્રાપ્તિને કાયસંપત્ સિદ્ધિ કહે છે.' આ કાયસંપત તે જ દિવ્ય દેહ. આ સિવાય ઘણાં શાસ્ત્રોમાં દિવ્ય શરીરનું વર્ણન કરવામાં આવ્યું છે. (વિશેષ અભ્યાસીએ "જ્ઞાનેશ્વરી ગીતા" ના છઠ્ઠા અધ્યાયનો અભ્યાસ કરવો.)

આ દિવ્ય શરીરનું અસ્તિત્વ સનાતન બની જાય છે. સૃષ્ટિના મહાપ્રલય વખતે પણ આ શરીર નાશ નથી પામતું. મહાપ્રલયમાં ઇશ્વરનાં સાકાર સ્વરૂપો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ નિરાકાર રૂપ ધારણ કરી લે છે, કારણ કે સૃષ્ટિ સંકેલાઈ જતાં ઉત્પત્તિ, પાલન કે સંહારનું કાર્ય જ રહેતું નથી, પરંતુ દિવ્ય શરીર તો મહાપ્રલય પછી પણ રહે છે. આપણાં શાસ્ત્રોમાં આવા દિવ્ય દેહધારી અસંખ્ય મહાત્માઓનાં દૃષ્ટાંત છે. જેવા કે સનતકુમારો, નારદમુનિ, માર્કન્ડેય મુનિ, કાગભૂશંડીની, પતંજલી, મહાવીર, બુદ્ધ, કબિર, મીરાં, ચૈતન્ય મહાપ્રભુ, આદિ. કબિર સાહેબના મૃત શરીરની જગ્યાએથી ફૂલો નીકળ્યાં હતાં. મીરાં દ્વારકાધીશમાં મળી ગઈ હતી. ચૈતન્ય પ્રભુનું શરીર પણ હાથ આવ્યું ન હતું. ઘણા એવું સમજે છે કે ભગવાન કૃષ્ણનું મૃત્યુ થયું છે. પરંતુ તે હકીક્ત દોષ છે. મૂળ મહાભારત મુજબ પારધી

ભગવાનને બાણ મારે છે જે તેમના પગના અંગૂઠાને લાગે છે. પગના અંગૂઠાને બાણ લાગવાથી મૃત્યુ થાય? પછી ભગવાન તરત તેમના જુના દેહનો પરિત્યાગ કરી ચતુર્ભૂજધારી વિષ્ણુનું સ્વરૂપ લે છે અને પારધીને દર્શન આપે છે. અને પછી પ્રકાશસ્વરૂપે અવકાશગમન કરે છે. ભગવાન કૃષ્ણના શરીરને કોઈએ અગ્નિસંસ્કાર કરવાની જરૂર જ ક્યાં હતી, કારણ કે શરીર અહિં રહ્યું જ ન હતું.

આ દિવ્ય શરીર મોક્ષ પામેલ વ્યક્તિની નિશાની છે. એ જ પૂર્ણ યોગની પણ નિશાની છે. આવા દિવ્ય દેહધારી મહાત્મા સેંકડો વર્ષ પાકતા હોય છે.

મરેલા જીવતાને કંઇક મોકલે છે કે નહીં એ આપણે જાણી શકતાં નથી. પરંતુ જીવતાં મરેલાંને મોકલે છે એ વિશે જરાયે શંકા નથી તેમની પાછળ આપણે કદી રોકકળ ન કરીએ.

ઈશ્વરની કૃપા તેનાં કામ કરવાથી મળે છે અને શરીર વડે, મન વડે તેમ જ વાણી વડે દુખિયાંની સેવા કરવાથી ઈશ્વરનાં કામ થાય છે.

*

રોવું અને હસવું બંને દિલમાંથી નીકળે છે. (માણસ) જેને દુઃખ માનીને રુએ છે તેને જ સુખ બનીને હસે છે. આથી જ રામનામનો આધાર જોઇએ. બધું એને અર્પણ કરવું એ તો આનંદ જ આનંદ છે.



# પ્રકાશના પંથે

સં–પરમાર્થી

## સરોડા–કાબોદ્રા ને આલંદીમાં

દેવ પ્રયાગથી બે ત્રણ દિવસ અમદાવાદ બેન તારાબેનને ત્યાં રોકાઇને અમે સીધાં સરોડા આવ્યાં. સરોડાના ગ્રામ્ય વાતાવરણમાં મને આનંદ લાગે છે. ગામડાંનો ચોખ્ખો ખોરાક, ખુલ્લી હવાવાળું ત્યાનું વાતાવરણ, બધું મને ખૂબ ગમે છે. સરોડામાં આવીને સાધનાનો આજ લગીનો સળંગ વિચાર મેં કરી લીધો. મારા મનમાં તે વખતે મંથન ચાલ્યા કરતું. મન કદાચ પાણી વિના જીવી શકે, વરસાદના જળને છોડીને ચાતક સંસારના બીજા જળને પીને કૃતાર્થ થવા માંડે, ને ચંદ્રમા પ્રત્યેના પ્રેમને આકર્ષણને સમુદ્ર છોડી દે; અરે ચંદન પણ સુગંધ વિનાનું બની જાય, છતાં હે મા! હે જગદમ્બા! હે સકળ સંસારની સુધા! તમારી પ્રાપ્તિ સુધી ચેન વળશે નહિઃ તમારે માટે તલસ્યા વિના નહિ રહેવાય એવો આશીર્વાદ દેજો, એવું વરદાન આપજો!

ભાવના, વિચાર ને પ્રાર્થનામાં દિવસો ચાલ્યા જતા હતા. એટલામાં એક દિવસ મુંબઈથી વિઠ્ઠલભાઇ આવ્યા. વિઠ્ઠલભાઇ હાઇસ્કુલના દિવસોમાં સાથે ભણતા. આધ્યાત્મિક વિષય પર ને ખાસ કરીને મારા પર પ્રેમ હોવાથી તે સરોડા આવ્યા હતા. તેમનાં વૃદ્ધ માતા પિતા કાબોદ્રા ગામનાં હતાં. એ ગામ હિંમતનગર તરફ હતું. એમના આગ્રહથી અમે કાબોદ્રા ગયાં.

વિઠ્ઠલભાઈનો પ્રેમ અપાર હતો. તેમનું હૃદય સ્વચ્છ હતું. કાબોદ્રામાં તેમણે અમારી ખૂબ સેવા કરી. ગામમાં પાંચ

હજાર રૂપિયા ખર્ચીને તેમણે નિશાળ બંધાવેલી. તેના વાર્ષિક ઉત્સવમાં તે મને લઈ ગયા. વ્યાસપીઠ પરથી પ્રમુખ તરીકે મારે ગામલોકોને બે શબ્દો સંબોધનના કહેવા પડ્યા.

આધ્યાત્મિકતા ને સાધનાની કેટલીક વાતોમાં તેમજ ભજન-કીર્તનમાં કાબોદ્રાનો સમય સુખદ રીતે પસાર થવા માંડ્યો. એક દિવસ ખબર પડી કે ગામમાં હનુમાનજીનું પ્રાચીન મંદિર છે. બીજે દિવસે અમે ત્યાં ગયા. મંદિર ખૂબ સુંદર હતું. હનુમાનજીની મૂર્તિ ખૂબ આકર્ષક હતી. હનુમાનજીને ચરણે અમે પ્રેમથી પ્રણામ કર્યાં. થોડોક સમય મંદિરમાં બેઠા. મંદિર ખૂબ જ એકાંત સ્થળમાં હતું. આવાં કેટલાંય સ્થળો આધ્યાત્મિક માર્ગના સાચા સાધકને સાધનામાં તત્પર થવા હાકલ કરી રહ્યાં છે.

ઘરે આવ્યા પછી મને હનુમાનજીના જ વિચારો આવવા માંડ્યા. મેં મનોમન પ્રાર્થના કરી કે 'હે હનુમાનજી, તમે સાચા હો, તમારામાં સત્યતા હોય, તો વધારેમાં વધારે ત્રણ દિવસમાં મને મારી સાધનાની સંપૂર્ણ સફળતાનો દિવસ આપો. હું તમારી ભૂમિ પર બેઠો છું. આટલું કરો તો હું ફરી તમારાં દર્શન કરી જાઉં ને મને શાંતિ થાય. મારી આટલી અરજ તમારે ધ્યાનમાં લેવી જ જોઇએ.'

એ પછી લગભગ ત્રીજે દિવસે સવારે હનુમાનજીએ એક મહાત્માના રૂપમાં મને સ્વપ્નાવસ્થામાં દર્શન આપ્યાં ને કહ્યું કે 'આ મહાસુદી પાંચમને દિવસે તમારું કામ થઇ જશે. તે વખતે તમે સરોડા હશો.'

મેં કહ્યું, 'એવા તો કેટલાય દિવસ ખોટા થયા. હવે આ દિવસે શું મારું કામ જરૂર થશે?' તેમણે કહ્યું, 'જરૂર થશે.'



એના અનુસંધાનમાં મારે કહેવું જોઇએ કે એ અનુભવથી મને આનંદ જરૂર થયો હતો. પરંતુ તે દિવસે ધાર્યા પ્રમાણે કામ થયું નહિ. એ દિવસ પણ મિથ્યા ગયો. કાબોદ્રાના હનુમાને પોતાની સત્યતા તો બતાવી પરંતુ મને તાત્કાલિક શાંતિ આપવા અર્થે જ દિવસ કહ્યો હતો. મને નિરાશા ન થાય તેની તેમણે કાળજી લીધી હતી. આજ લગીના આવા કેટલાય દિવસો મિથ્યા થયા છે. કૃપાળુ મા આમ કેમ કરે છે? તેની પાછળ પણ કોઇ રહસ્ય જરૂર હશે જેની મને આજે ખબર નથી તે રહસ્યનો પડદો એકવાર ઉંચકાઇ જશે ને મારી બધી જ મનોકામના પૂરી થશે.

સરોડાથી અમે સાબરમતી આવી પહોંચ્યાં. પાવરહાઉસના ભાઇઓનો પ્રેમ પુષ્કળ હતો. તેમની વચ્ચે સત્સંગમાં દિવસો સારી પેઠે વીતવા લાગ્યા. એ સમય દરમ્યાન એક પ્રસંગ બન્યો. સરોડાના પ્રેમીભાઇ શના ભટ્ટ વિશે મેં આગળ ઉલ્લેખ કર્યો છે. એ ભાઇએ ડોશીમાના દેહાવસાન વખતે મહામૂલી મદદ કરેલી. છેલ્લા એકાદ વરસથી તે બિમાર હતા. તેમને ક્ષયરોગ થયેલો. સરોડા નિવાસ દરમ્યાન ગામમાં કોઇને ઘેર ન જવાનો મારો નિયમ હતો. છતાં મને આવા પ્રેમી પુરુષને મળવા માટે જવાની ઇચ્છા થઇ. હું તેમની પાસે ગયો ત્યારે તેઓ ખાટલામાં સૂતા હતા. અત્યંત અશક્ત હોવા છતાં માંડ માંડ બેઠા થયા ને મેં ના પાડી તો પણ પ્રણામ કરીને ખાટલા નીચે બેઠા. તેમનો પ્રેમ પ્રબળ હતો. તેમનાં દર્દ વિશે કેટલીક વાતો કરીને અમે છૂટા પડ્યા. પરંતુ એ મુલાકાતથી એમને અપાર આનંદ થયો હતો. તેમનો જીવાત્મા એક રાતે ધ્યાનાવસ્થામાં મારી પાસે આવ્યો અને મને પ્રેમથી પ્રણામ કર્યાં. મેં કહ્યું, 'કેમ? શનાભાઇનો જીવાત્મા બોલ્યો : 'હવે હું જાઉં છું. મારો વખત આવી ગયો છે. મરતાં પહેલાં

એક ઇચ્છા તમારાં દર્શન કરવાની હતી તે પણ પ્રભુ કૃપાથી હવે પૂરી થઇ.'

સવારે ઉઠીને મેં માતાજીને હકીકત કહીને જણાવ્યું કે શના ભટ્ટ હવે જતા રહ્યા લાગે છે. તે જ દિવસોમાં સમાચાર મળ્યા કે શના ભટ્ટનું દેહાવસાન થયું છે.

આ પ્રસંગ વિચારવા જેવો છે. આ પછી મુંબઇવાસ દરમ્યાન ભારતના મહાન જીવનમુક્ત મહાપુરુષ રમણ મહર્ષિ— જેમને મારા પર પ્રેમ હતો, ને જે મને અનેકવાર દર્શન આપતા તે ફરી આંતર જગતમાં આવ્યા, ને પોતે થોડા જ વખતમાં સમાધિ લેશે એમ કહ્યું. મહર્ષિ જેવા સિદ્ધ પુરુષો પોતાની શક્તિથી બધે જઈ શકે છે પરંતુ શનાભાઇ જેવા જીવાત્માની અપૂર્ણ ઈચ્છા સ્વપ્નાવસ્થામાં ઈશ્વર પૂરી કરે છે. તેમને મને મળવાની ઉત્કટ ઇચ્છા હશે તે પ્રભુ કૃપાથી પૂરી થઇ. સ્વપ્નાવસ્થામાં એમને એવી રીતે મારો મેળાપ થયો. કેટલીક વાર માણસને ખબર ન પડે એવી રીતે પણ કેટલાંક કામ થાય છે, એ વાતનો ઘણાને અનુભવ છે.

સાબરમતીથી રાજકોટ થઈને મુંબઈ ગયા પછી બે નોંધવા જેવા વિશેષ પ્રસંગો બન્યા. એક દિવસે આંતર-જગતમાં એવો અનુભવ થયો કે પ્રભુની દૈવી શક્તિ રિદ્ધિ સિદ્ધિએ કુમારીવેશ ધારણ કરીને સૂર્યમાંથી નીકળીને મારા-માં પ્રવેશ કર્યો. એ અનુભવથી મને અનેરો આનંદ થયો. આવા આધ્યાત્મિક અલૌકિક અનુભવોની હારમાળા મારા સાધનામય જીવનમાં ચાલી જ આવે છે. આધ્યાત્મિક અનુ-ભવોની વિવિધતાથી આનંદ થાય છે ખરો, પણ તે અવસ્થા સાધકની કસોટી કરનારી છે. પરમ શાંતિ, મુક્તિ, પૂર્ણતા કે પરમાનંદનો પ્રવાસી એવા કામ ચલાઉ આનંદથી પોતાને મહાભાગ ને કૃતાર્થ માની લઇને પુરુષાર્થ છોડીને બેસે એ



તેને માટે આત્મહત્યા જેવું લેખાશે. જુદાજુદા અનુભવોથી સાધકનો આનંદ વધવો જોઇએ તેની ના નથી. પણ તેથી આત્મિક વિકાસના માર્ગમાં તેની શ્રદ્ધા વધુ મજબુત બનવી જોઈએ ને પૂર્ણતાની છેલ્લી ક્ષણ સુધી તેણે સાધના કરવી જોઇએ.

આ વખતે ફરી આલંદી જવા વિચાર થયો. જ્ઞાનેશ્વર મહારાજ કૃપા કરીને મને દર્શન આપે ને મારી સાધનાની ચોક્કસ આગાહી કરે તો મને આનંદ થાય. એ જ એક માત્ર આકાંક્ષાથી આલંદી જવા ઠરાવ્યું. જે દિવસે પૂના રહ્યા તે દિવસે રાતે સ્વપ્નમાં આજ્ઞા થઈ કે 'રાતે આલંદી ગામમાં નહિ પણ મંદિરમાં રહેજો.' એથી મને આનંદ થયો. જ્ઞાનેશ્વર મહારાજ કૃપા કરશે એમ ચોક્કસ લાગ્યું.

આ વખતે મારી સાથે માતાજી, મુંબઇથી વિઠ્ઠલભાઇ, નારાયણભાઈ તેમજ બીજા ચારેક ભાઈઓ હતા. સ્નાનાદિથી પરવારી અમે રાત્રે મંદિરમાં ગયા. સુવાનો કાર્યક્રમ મંદિરમાં જ રાખ્યો. રાતની શાંતિમાં પ્રેમ ને ભક્તિથી ઉભરાતા હ્રદયે મહાન સંત જ્ઞાનેશ્વરના ચરણે અરજ કરી : 'હે મહારાજ ! તમારો અતિથિ થઈને મંદિરમાં હું તમારે બારણે આવ્યો છું. પ્રેમથી તમારું સ્તુતિગાન ગાઈ રહ્યો છું. તમારામાં સંત્યતા હોય, તો પ્રેમથી બહાર આવીને મને દર્શન આપો ને મારો સત્કાર કરો. હે જ્ઞાનેશ્વર મહારાજ ! તમારો જય હો !"

રાતનો સમય વીતતો જતો હતો. મારી આતુરતા પણ એની સાથે વધતી ગઈ. છેવટે મધરાત પછી જ્ઞાનેશ્વર મહા-રાજે મારા પર કૃપા કરી. થાંભલાને ટેકે ધીરે ધીરે હું નિદ્રાધીન થઈ ગયો ત્યારે તેમણે દર્શન આપ્યું. તેમણે મારા હાથમાં ફૂલ આપ્યા ને કહ્યું, કે 'આ વખતે દેવ-પ્રયાગમાં તમારું કામ થઈ જશે. ચિંતા કરશો નહિ.'

એ આશીર્વાદથી મને આનંદ થયો. જો જ્ઞાનેશ્વર મહારાજે પ્રત્યક્ષ દર્શન આપ્યું હોત તો અત્યંત આનંદ થાત ને મારી જાતને હું પૂર્ણ કૃતાર્થ માનત. છતાં એક જ રાતમાં તેમણે એવી રીતે આશીર્વાદ આપીને મારા પ્રત્યે પ્રેમ દર્શાવ્યો તે પણ કેમ ભૂલાય ? સિદ્ધ પુરુષો શું નથી કરી શકતા ? ફક્ત તેમનામાં પૂરો વિશ્વાસ જોઈએ. દૃઢ વિશ્વાસ જ સાધનામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પોતાની સમાધિ પછી લગભગ ૩૦૦ વરસે મહાત્મા એકનાથને સંત જ્ઞાનેશ્વરે સ્વપ્નમાં દર્શન આપીને આજ્ઞા કરેલી કે 'જ્યાં મેં સમાધિ લીધી છે ત્યાં વૃક્ષની એક ડાળ મને નડે છે. તમે તે આલંદી આવીને ઠીક કરી જાઓ.' એ પછી એકનાથ મહારાજ આલંદી ગયેલા ને ત્રણ દિવસ જ્ઞાનેશ્વર સાથે રહ્યા હતા, એ વાત સર્વવિદિત છે. ઇતિહાસની એ વાતો ખોટી નથી. ખોટ માત્ર તે વાતોને સમજવાની શક્તિની ને વિશ્વાસ કે અનુભવની છે. એ ખોટ દૂર થઈ જાય તો હજી પણ માણસ એવા અલૌકિક અનુભવોથી ધન્ય બની શકે. એ દિશામાં મારા જેવા નિર્બળ માણસના અલ્પ જેટલા અનુભવો સાક્ષીરૂપ છે.

જ્ઞાનેશ્વર મહારાજના આશીર્વાદનો દિવસ તારીખ ૩–૪–'૫૦ સોમવારનો હતો. એ પછી મુંબઈમાં જ્ઞાનેશ્વર, નિવૃત્તિનાથ એ ચારે ભાઈબહેને આંતર જગતમાં મને પુનઃ દર્શન આપ્યું હતું. મહાપુરુષોનું દર્શન અમોઘ છે. મહાત્મા જ્ઞાનેશ્વર મહારાજનો જય હો ! જ્ઞાનેશ્વર મહારાજનો જય હો ! (ક્રમશઃ)



પ. પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્યમાં પૂ. શ્રીની જન્મભૂમિમાં

# એક દિવસનો શિબિર

તા. ૨૦ એપ્રિલ, ૮૬ના રોજ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની અનુજ્ઞા પ્રમાણે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ એક દિવસનો જ્ઞાન–સાધના શિબિર સરોડા ખાતે યોજવાનું ઠરાવ્યું છે.

શિબિરના દિવસે એટલે તા. ૨૦ એપ્રિલ, ૮૬ના રોજ સાધક ભાઈબહેનો પ. પૂ. શ્રી યોગેશ્વરજીની જન્મભૂમિ સરોડાના પવિત્ર સ્થાનની મુલાકાત પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સાથે લેશે. આ મુલાકાત પૂ. શ્રી યોગેશ્વરજીનાં પૂર્વાશ્રમનાં બહેન શ્રી તારાબેન અંબાલાલ શુકલના આમંત્રણને માન આપી રાખવામાં આવી છે. સરોડા ખાતેનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે:–

અમદાવાદથી સરોડા ખાતે સાધકોનું આગમન.

૯-૩૦ થી ૧૦–૩૦ પ્રાર્થના અને ધ્યાન.

૧૦–૩૦ થી ૧૧–૩૦ સંકીર્તન.

૧૧–૩૦ થી ૧૨–૩૦ પૂ. શ્રી યોગેશ્વરજીનું ટેપ પ્રવચન.

૧૨–૩૦ પછી ભોજન અને વિશ્રામ.

સરોડાથી અમદાવાદ ખાતે પુનરાગમન. રાત્રિ મુકામ અમદાવાદ.

તા. ૧૯–૪–૮૬ ના રોજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના સત્યપથ ખાતેના સત્સંગ કાર્યક્રમમાં (સાધકો સાંજે ૬–૩૦ થી ૮) ભાગ લઇ શકશે.

નોંધઃ–સરોડા ગામ અમદાવાદથી ૩૦ કી. મી. દૂર સાબરમતી નદીના કિનારે ધોળકા પાસે આવેલું છે.

અમદાવાદ સેન્ટ્રલ બસ સ્ટેન્ડથી સરોડા જવાની બસો સવારે મળે છે.

# બીજા લીલાસંવરણદિનની ઉજવણી

—નારાયણ હ. જાની

પ. પૂ. ગુરૂદેવશ્રી યોગેશ્વરજીનો બીજો લીલાસંવરણદિન સુરત ખાતે સુમુલ ડેરી રોડ પરના સરદારબાગ ખાતે તા. ૧૮-૩-૮૬ના રોજ શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર સુરતના ઉપક્રમે ઉજવાયો. આ પ્રસંગે એક દિનનો સાધના શિબિર રાખવામાં આવ્યો, જેનું સમગ્ર સંચાલન પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ કર્યું. આજે પૂ. માના ઉપવાસોનો ૭૩૧મો દિન હતો. પ્રારંભમાં પ્રાર્થના પછી અર્ધા કલાકનું ધ્યાન પૂ. માએ ઉપસ્થિત સાધક ભાઈબહેનોને કરાવ્યું. તેઓએ કહ્યું : ધ્યાન પહેલાં પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વર અને સદ્ગુરૂની સહાય માંગવાની છે. ધ્યાનમાં આપણે આપણા ચંચળ મનને આંખો બંધ કરી ઈશ્વર કે ગુરૂના સ્વરૂપમાં કેન્દ્રિત કરીએ અગર તો ઈષ્ટદેવના જપમાં જોડીએ કે પ્રભુસાથે માનસિક વાર્તાલાપ કરતાં આપણા હૃદયના ભાવોને અભિવ્યક્ત કરીએ. કોઈપણ વિચાર કે સંકલ્પ વગર શાંત બેસવું એ પણ ધ્યાનનો જ એક પ્રકાર છે.

આ પ્રસંગે પૂ. શ્રીની પ્રતિકૃતિના પૂજન માટે પરદેશથી આવેલ પંદર જેટલા સાધક ભાઇઓના પ્રતિનિધિ તરીકે શ્રી સુરેશભાઇ શાહ અને એમનાં ધર્મપત્ની વિમળાબેન, તેમજ મા-પ્રભુના બાળ ભક્તો શ્રી મનીષ અને જીજ્ઞેશને પસંદ કરવામાં આવ્યા હતા. પરદેશના અન્ય સાધકોએ પુષ્પ ગુચ્છોથી પૂ. શ્રીને અભિવાદન કર્યું હતું. નારાયણભાઇ જાનીએ સંદેશા વાંચન કર્યું. તે પછી શ્રી ઈશ્વરભાઇ કડીવાલા, શ્રી જીતુભાઇ જરીવાલા, શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ, શ્રી સુરેશભાઇ શાહ, શ્રી અતિસુખશંકરભાઈ શેઠ, સ્વામી



શ્રી કૃષ્ણાનંદજી, શ્રી રંજનબેન ઠાકર, શ્રી આશાબેન ભકત તેમજ શ્રી ગુલાબબેન ભકતે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

પૂ. શ્રી યોગેશ્વરજીની કાવ્યકૃતિઓમાંથી ૭૪ જેટલાં ઉત્તમ કાવ્યોના એક સંગ્રહ-સાધના પુસ્તકનું વિમોચન ખ્યાતનામ સાક્ષર ડૉ. શ્રી જયંત પાઠકે કર્યું. તેઓએ કહ્યું કે પ. પૂ.શ્રી યોગેશ્વરજીએ ઘણાં સુંદર કાવ્યો ને મહાકાવ્યો લખ્યાં છે. તેઓ પ્રધાનતઃ એક ઉચ્ચ આધ્યાત્મિક મહાપુરુષ હતા, સાથે સાથે તેઓ શ્રેષ્ઠ કવિ પણ હતા. એટલે એમની કવિતાના વિષયો આધ્યાત્મિકતાથી સભર છે. એથી એમનું મૂલ્ય સનાતન છે. એમની વાણી આપણા સહુના મનને વિશ્રામ આપે, ટાઢક પહોંચાડે એવી છે. તેઓ માનવ માત્રને સંદેશો આપતાં કહે છે કે માનવ ! તું સામાન્ય નથી મનુષ્ય દેહ પ્રાપ્ત કરીને ઇશ્વરની કેડી ઉપર પુરુષાર્થપૂર્વક પગલાં ભરવાથી તું ઘણુ પ્રાપ્ત કરી શકે એમ છે.

શ્રી યોગેશ્વરજીની વાણી ભાષા, પ્રદેશ કે દેશ-કાળના સીમાડાઓથી પર હોઈ, માનવમાત્રને પ્રેરણાનાં પીયૂષ પાય છે ને આત્મિક માર્ગે આગળ વધવાનો સંદેશો પૂરો પાડે છે.

શ્રી પાઠક સાહેબે, આ પ્રસંગે પૂ. શ્રીના નવા સંગ્રહમાંથી "આ જીવનના પુણ્ય પ્રવાસે" કાવ્યનું સુંદર શૈલીમાં રસદર્શન કરાવ્યું હતું. પૂ. માશ્રી સર્વેશ્વરીએ પોતાના મધુર સુરીલાકંઠે એનું ગાન સાધકોને સંભળાવ્યું.

સંકીર્તનના કાર્યક્રમમાં વડોદરાના શ્રી શ્યામભાઇ, સુરતના શ્રી મુકુન્દભાઇ તથા ચિ. હીરલ પિનાકીન જાનીએ સુંદર ધૂનો ગવડાવી હતી. સાધકો આ ધૂનોના તાલબધ્ધ ગાનમાં તરબોળ બની ભાવવિભોર બન્યા હતા.

સુરત ધ્યાન કેન્દ્ર તરફથી સાધકો માટે પૂ. શ્રીને પ્રિય એવી ખીચડી, કઢી ને શાકનું ભોજન પીરસવામાં આવ્યું

હતું. કેનેડાના શ્રી સુરેશભાઇ શાહે પોતાના પુત્રના લગ્ન નિમિત્તે સાધકોને પેંડાનો પ્રસાદ વહેંચ્યો હતો.

ભોજન ને વિશ્રામબાદ ગીતા પાઠમાં બારમા અને પંદરમા અધ્યાયનું સમૂહવાંચન કરવામાં આવ્યું હતું. પૂ. શ્રી યોગેશ્વરજીના દક્ષિણ આફ્રિકાના પ્રવાસની એક વિડિયો કેસેટ પણ આ પ્રસંગે સાધકોને દેખાડવામાં આવી હતી.

આજની શિબિરના સમગ્ર કાર્યક્રમનું સમાપન કરતાં પૂ. માશ્રી સર્વેશ્વરીએ કહ્યું કે અમારા આમંત્રણને માન આપી ચારસો ઉપરાંત ભાઇ બહેનો આજના પ્રસંગે આવ્યા એ આનંદની વાત છે. કેટલાક છેક મુંબઇથી, તો કેટલાક રાજકોટ વડોદરા, અમદાવાદ, પાલનપુર, ભાવનગર, મોરબી, જામનગર ને દેશ વિદેશોથી પણ આવ્યા. અમારી સાધના પૂ. શ્રીની આજ્ઞા અનુસાર ચાલી રહી છે. એમાં કોઇ બળજબરી નથી, કે નથી હઠાગ્રહ. સ્વાભાવિક સહજ રીતે જ ચાલી રહી છે. અન્નનો એકપણ દાણો લીધા વિના આજે ૭૩૧ દિવસથી આ શરીર જે રીતે ચાલી રહ્યું છે. તે ગુરૂદેવની કૃપા વિના શક્ય નથી.

આજના દિને સાધકોએ વ્રત કે તપના નવા નિયમો લેવા જોઇએ, જેથી સંસારમાં રહીને પણ આપણે ઇશ્વરના પંથે આગળ પગલાં ભરી શકીએ. પ્રભુની કૃપા સિવાય સત્સંગ કરવાની ઇચ્છા થતી નથી. સત્સંગ વડે જ આપણા મનના કાષાયો કપાય છે. એટલે જેમણે આત્મિક ઉન્નતિ સાધવી છે એમણે હંમેશાં સદ્‌ગ્રંથો ને સંત પુરુષોનો સત્સંગ કરતા રહેવું જોઇએ.

પ્રારંભમાં પ્રો. ટી. જી. ભટ્ટે સુરત ધ્યાન કેન્દ્ર વતી સર્વે સાધકોને આવકાર્યા હતા જ્યારે રમેશભાઈ પટેલે બહારગામથી આવેલ સાધકોને ઘણી સુવિધા પૂરી પાડી હતી.

## પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને સહાય

ગુજરાતના ખ્યાતનામ યાત્રાધામ અંબાજી ખાતે બંધાતા પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ માટે ભાવિકો તરફથી આર્થિક સહાય મળતી રહે છે. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ–

૧૦૦૧ શ્રી કુમુદચંદ્ર એ. ત્રિવેદી, અમદાવાદ.
૨૫૧ શ્રી મણિબેન ઇશ્વરભાઇ પરમાર્થી, કપુરા.
૨૫૧ શ્રી ભીખુભાઈ હરગોવિંદદાસ પટેલ, અમદાવાદ.
૧૨૫૦ શ્રી જમનાબેન રમણભાઇ ભક્ત, કેલિફોર્નિયા.
૨૫૦ શ્રી રાજુભાઇ ભક્ત, બારડોલી.
૫૦૦૦ શ્રી ભાઇલાલભાઇ છાટબાર, ભાવનગર.
૧૦૧ શ્રી શકુંતલાબેન મગનભાઇ પટેલ, રાનકુવા.
૧૫૦ મોરબીના એક સાધકભાઈ તરફથી.
૫૦૧ શ્રી નૌત્તમભાઈ પંડ્યા, ભાવનગર.
૧૫૧ શ્રી કૌશલ્યાબાઇ હરિલાલ જયસ્વાલ, ભાવનગર.
૧૦૧ શ્રી કાન્તાબેન રસિકલાલ જયસ્વાલ, ભાવનગર.
૧૧ એક સાધક તરફથી.

# * સાધકદશા *

કેટલાક માણસો જીવનભર જિજ્ઞાસુ જ રહે છે. તેમનામાં અવનવી જિજ્ઞાસાવૃત્તિ ઉત્પન્ન થતી જાય છે અને જીજ્ઞાસામાંથી એ ઊંચા જ નથી આવતા. જિજ્ઞાસાવૃત્તિની મારફત તે માહિતી મેળવે છે. તેમ જ માહિતીના ભંડાર કે સંગ્રહસ્થાન જેવા પણ બની રહે છે. એ માહિતી જીવનોપયોગી ને જીવનવિકાસને અનુસરતી હોય છે, એટલા પૂરતી અગત્યની છે એ સાચું છે. પરંતુ એકલી જીજ્ઞાસાજન્ય માહિતી, વિચાર શક્તિ કે બુદ્ધિ કોઈને સુખશાંતિ નથી આપી શકતી. તેથી જીવનનું શ્રેય પણ નથી સાધી શકાતું. તેની પણ એક સીમા છે. એ સીમાની બહાર જઈને જીવનના શ્રેયને સિદ્ધ કરવા માણસે જિજ્ઞાસુ તરીકે જીવન નિર્ગમન કરવાને બદલે સાધક બનવાની પણ આવશ્યકતા રહે છે. કેવળ બુદ્ધિવાદી કે ભાવનાપરાયણ બનીને બેસી રહેવાને બદલે, કર્તવ્યપરાયણ થવાની પણ જરૂર રહે છે. તે વિના આદર્શોનો આચરણમાં અનુવાદ નથી થઇ શકતો અને સિદ્ધાંતોને વ્યવહારમાં પણ નથી મૂકી શકાતા.

સાધકદશા જીવનની સંપૂર્ણતા કે સાર્થકતાની મહત્ત્વની મહામૂલ્યવાન દશા છે. તે દશા સિવાય સિદ્ધિની પ્રાપ્તિ થઇ શકતી નથી.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧